CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૧ — શુક્રવાર, તા.૦૫-૦૪-૨૦૨૪ — અંક : ૨૪૮ વર્ષ : ૧૮ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# પાકિસ્તાનમાં જઈ ભારત આંતકીઓને કરે છે ઠાર

## ઇન્ટરનેશનલ મીડિયાએ બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને ભારતને લઈને કર્યો દાવો

લંડન,

ભારત હવે આતંકવાદીઓને તેમની જ ભાષામાં જડબાતોડ જવાબ આપી રહ્યું છે. પાકિસ્તાનમાં એક પછી એક ‘દુશ્મન’ ખતમ થઈ રહ્યા છે. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને આ અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત સરકારે પાકિસ્તાનમાં આતંકીઓને મારવાનો આદેશ આપ્યો છે. ભારત સરકારે વિદેશી ધરતી પર વસતા આતંકવાદીઓને ખતમ કરવા માટે એક જોરદાર સ્ટ્રેટેજી બનાવી છે અને એ જ વ્યૂહરચનાનાં ભાગરૂપે પાકિસ્તાનમાં છૂપો ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. ગુપ્તચર અધિકારીઓનો દાવો છે કે ૨૦૨૦ થી અત્યાર સુધીમાં ૨૦ હત્યાઓ થઈ છે. જોકે, ભારતે આ આરોપોને નકારી કાઢ્યા છે અને તેમને દૂષિત ગણાવ્યા છે.

ધ ગાર્ડિયન પોતાના રિપોર્ટમાં ભારતીય અને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓને ટાંકીને મોટો દાવો કર્યો છે. રિપોર્ટમાં બંને દેશોના ગુપ્તચર અધિકારીઓની મુલાકાતો અને પાકિસ્તાની તપાસકર્તાઓ દ્વારા શેર કરાયેલા દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (ઇછ૭) એ ૨૦૧૯ (પુલવામા હુમલાની ઘટના) પછી રાષ્ટ્રીય સુરક્ષા માટે સાહસી અભિગમ અપનાવ્યો અને કથિત રીતે વિદેશમાં તેના દુશ્મનોને ખતમ કરવા માટે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે.

વોશિંગ્ટન (અમેરિકા) અને ઓટાવા (કેનેડા)એ પણ ભારત પર આક્ષેપો કર્યા હતા. કેનેડાએ તેના પર શીખ આતંકવાદી અને અન્યની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. આમાં ભારતની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. એ જ રીતે ગયા વર્ષે અમેરિકાએ પણ તેના પર બીજા શીખ આતંકવાદીની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તાજેતરના દાવા મુજબ, ૨૦૨૦ થી, ભારતે પાકિસ્તાનમાં ઝડપી કાર્યવાહી કરી છે અને અત્યાર સુધીમાં લગભગ ૨૦ લોકો માર્યા ગયા છે. આ પહેલા પણ ભારત આ હત્યાઓ સાથે અનૌપચારિક રીતે જોડાયેલું હતું, પરંતુ આ પહેલીવાર છે જ્યારે ભારતીય જાસૂસી કર્મચારીઓએ પાકિસ્તાનમાં કથિત કાર્યવાહી અંગે ચર્ચા કરી છે.

બ્રિટિશ અખબારનું કહેવું છે કે આ હત્યાઓમાં ઈછ૭ની સીધી ભૂમિકા સાથે સંબંધિત દસ્તાવેજો પણ જોવામાં આવ્યા છે.

# રેપો રેટ ૬.૫ ટકા યથાવત

## RBIએ છેલ્લી સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યો

નવીદિલ્હી,

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે આજે પોલિસી રેટ અંગે મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયની જાહેરાત કરી હતી. મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટ ૬.૫ ટકા યથાવત રાખ્યો છે.

RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે મેક્રો ઈકોનોમિક સ્થિતિની સમીક્ષા કર્યા બાદ MPCએ રેપો રેટને સ્થિર રાખવા માટે બહુમતીથી નિર્ણય લીધો છે. MPCના ૬માંથી ૫ સભ્યોએ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો હતો. RBIએ છેલ્લી સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યો હતો. RBIની MPCની ત્રણ દિવસીય બેઠક ૩ એપ્રિલે શરૂ થઈ હતી, આ બેઠક દરમિયાન લેવામાં આવેલા




નિર્ણયોની આજે પત્રકાર પરિષદમાં જાહેરાત કરવામાં આવી હતી. રિઝર્વ બેંકના MPCએ છેલ્લે ૧૪ મહિના પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે રેપો રેટ વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો. એ બાદથી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

# વાયુસેનાના હેલિકૉપ્ટર અપાચેનું લદ્દાખમાં થયું ઈમરજન્સી લેન્ડિંગ

## કોર્ટ ઓફ ઇન્કવાયરીના આદેશ

નવીદિલ્હી,

ભારતીય વાયુસેનાના એક અપાચે હેલિકૉપ્ટરનું લદ્દાખમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઉતાર-ચઢાવ ધરાવતા વિસ્તાર અને વધુ ઉંચાઈને કારણે હેલિકૉપ્ટરને નુકસાન થયું છે. જોકે, તેમાં સવાર બન્ને પાયલોટ સુરક્ષિત છે. વાયુસેનાએ આ જાણકારી આપી છે.


વાયુસેનાએ ઘટનાના કોર્ટ ઓફ ઈન્કવાયરીના આદેશ આપ્યા છે. IAFએ કહ્યું, ‘IAFના અપાચે હેલિકૉપ્ટરે ૩ એપ્રિલે લદ્દાખમાં એક ટ્રેનિંગ દરમિયાન ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. આ લેન્ડિંગની પ્રક્રિયા દરમિયાન ઉતાર-ચઢાવ ધરાવતા વિસ્તાર અને ઉચ્ચ ઉંચાઈને કારણે તેને નુકસાન થયું છે, વિમાનમાં સવાર બન્ને પાયલોટ સુરક્ષિત છે અને તેમણે નજીકના એરબેસ પર લઈ જવામાં આવ્યા છે. કારણ શોધવા માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીના આદેશ આપવામાં આવ્યા છે.’

# માણસમાં બર્ડ ફ્લૂ ફેલાવવાની સંભાવના કોરોના કરતાં ૧૦૦ ગણો વધુ જીવલેણ

## ૨૦૦૩થી H5N1 બર્ડ ફ્લૂથી સંક્રમિત દર ૧૦૦ દર્દીઓમાંથી ૫૨ મૃત્યુ પામ્યા છે

નવીદિલ્હી,

કોવિડ-૧૯ થી પણ વધુ ગંભીર બીમારી H5N1 બર્ડ ફ્લૂ (Bird Flu) રોગ ફેલાવવાની સંભાવના છે. વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો બર્ડ ફ્લૂને કોવિડ-૧૯ થી ૧૦૦ ગણો વધુ ખતરનાક કહે છે. અને સંભવ છે કે તેનાથી ૫૦ ટાકા સંક્રમિત લોકોને અસર થઈ શકે છે. આરોગ્ય નિષ્ણાતોએ બર્ડ ફ્લૂ H5N1ના સંભવિત જોખમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે આ નવો રોગ કોરોના મહામારી કરતા ૧૦૦ ગણો વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. આ ફ્લૂના કારણે લોકોના મોત થવાની પણ પ્રબળ સંભાવના છે. પિટ્સબર્ગમાં બર્ડ ફ્લૂના અગ્રણી સંશોધક ડૉ. સુરેશ કુચીપુડીએ ચેતવણી આપી છે કે H5N1માં રોગચાળો ફેલાવવાની ક્ષમતા છે. આ એટલા માટે છે કારણ કે તે મનુષ્યો તેમજ ઘણા સસ્તન પ્રાણીઓને સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે. ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી કન્સલ્ટન્ટ અને કેનેડા સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની બાયોનિયાગ્રાના સ્થાપક જહોન ફુલ્ટને પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે જો H5N1 મહામારીનું રૂપ ધારણ કરે છે તો તે ખૂબ જ ગંભીર હશે. તે કોવિડ -૧૯ કરતાં વધુ ઘાતક હોઈ શકે છે. ફુલ્ટને કહ્યું કે તે COVID કરતા ૧૦૦ ગણું વધારે ઘાતક રીતે સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, ૨૦૦૩ થી




H5N1 બર્ડ ફ્લૂથી સંક્રમિત દર ૧૦૦ દર્દીઓમાંથી ૫૨ મૃત્યુ પામ્યા છે. અત્યાર સુધીમાં ૮૮૭ કેસ નોંધાયા છે, જેમાંથી કુલ ૪૬૨ લોકોના મોત થયા છે. તે જ સમયે, કોવિડ -૧૯ થી સંક્રમિત દર્દીઓનો મૃત્યુ દર ૦.૧ ટકા કરતા ઓછો છે. જો કે, રોગચાળાની શરૂઆતમાં તે લગભગ ૨૦ ટકા હતો.લાઈવ સાયન્સના અહેવાલ મુજબ, H5N1 એ એવિયન ઈન્ફલ્યુએન્ઝા છ નો પેટા પ્રકાર છે. આ બર્ડ ફ્લૂ વાયરસનું જૂથ છે. તે અત્યંત જોખમી માનવામાં આવે છે, તે મરઘાંમાં ગંભીર અને ઘણીવાર જીવલેણ રોગનું કારણ બને છે. તે મુખ્યત્વે પક્ષીઓને અસર કરે છે. H5N1 મનુષ્યો સહિત જંગલી પક્ષીઓ અને ક્યારેક સસ્તન પ્રાણીઓને પણ સંક્રમિત કરી શકે છે. આ રોગ મનુષ્યો અને પ્રાણીઓ માટે જીવલેણ બની શકે છે. H5N1 વાયરસ પ્રથમ વખત ૧૯૯૬ માં ચીનમાં પક્ષીઓમાં જોવા મળ્યો હતો. એક વર્ષ પછી હોંગકોંગમાં ફાટી નીકળ્યો હતો.

# બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ પ્રાઈમનું સફળ પરીક્ષણ

## સીડીએસ અને સેનાના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા

નવીદિલ્હી,તા.૪

ભારતીય સેનાના વ્યૂહાત્મક દળો કમાન્ડે ડીઆરડીઓ સાથે મળીને નવી પેઢીની બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ પ્રાઈમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. ઓડિશાના ડૉ. એપીજે અબ્દુલ કલામ ટાપુ પર ગઈકાલે સાંજે લગભગ ૭ વાગ્યે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલો પરમાણુ હથિયાર લઈ જવા માટે સક્ષમ છે.

અગ્નિ પ્રાઈમ મિસાઈલને ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. આ પહેલા ગયા વર્ષે ૭ જૂને પણ ડીઆરડીઓએ અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે અગ્નિ પ્રાઈમ મિસાઈલ પરીક્ષણ દરમિયાન તેના તમામ પરિમાણો અને ઉદ્દેશ્યોને પૂર્ણ કરે છે. પરીક્ષણ દરમિયાન, વિવિધ સેન્સર સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેમાં મિસાઈલ પરીક્ષણ સાથે સંબંધિત ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. મિસાઈલ પરીક્ષણ દરમિયાન સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડના વડા સહિત ડીઆરડીઓના ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અગ્નિ મિસાઈલના સફળ પરીક્ષણ પર ડીઆરડીઓ વ્યૂહાત્મક દળોને અભિનંદન પાઠવ્યા હતા. રક્ષા મંત્રીએ કહ્યું કે મિસાઈલના સફળ પરીક્ષણથી સુરક્ષા દળો મજબૂત થશે. સીડીએસ જનરલ અનિલ ચૌહાણ અને ડીઆરડીઓ અધ્યક્ષ સમીર વી કામતે પણ અગ્નિ પ્રાઈમ મિસાઈલના સફળ પરીક્ષણ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજસ્થાનના ચુરુમાં પીએમ મોદીની જનસભા

ચુરૂ,

પીએમ મોદી આજે રાજસ્થાનના ચુરુમાં જનસભાને સંબોધશે. અહીં ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર ઝાઝરિયાના સમર્થનમાં જનસભાને સંબોધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા અગાઉ ૬ એપ્રિલે નાગૌરમાં થવાની હતી, પરંતુ તેમના કાર્યક્રમમાં ફેરફારને કારણે આ બેઠક પુષ્કરમાં યોજાવા જઈ રહી છે.

ચુરુ એ શેખાવતી વિભાગની લોકસભા બેઠક છે અને ભાજપે શેખાવતીથી વિધાનસભા ચૂંટણીમાં બહુ સારું પ્રદર્શન કર્યું ન હતું. આવી સ્થિતિમાં પીએમ મોદી અહીંથી જનસભા યોજીને માત્ર ચુરુ લોકસભા સીટના મતદાતાઓને જ નહીં પરંતુ નજીકના સીકર અને ઝુનઝુનુના મતદારોને પણ પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે. આ જ કારણ છે કે ચુરુની સાથે સીકર અને ઝુંઝુનુ લોકસભા સીટના તમામ લોકોને ચુરુમાં મોદીની સભા માટે બોલાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે આ વખતે ચુરુમાં ભાજપે સાંસદ રાહુલ કાસવાનની ટિકિટ રદ્દ કરીને દેવેન્દ્ર ઝાઝરિયાને ઉમેદવાર બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે શેખાવતી ક્ષેત્રના ત્રણ જિલ્લા ચુરુ, ઝુનઝુનુ અને સીકરમાં વિધાનસભા ચૂંટણીમાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. ભાજપ પર લીડ મેળવી હતી. આ વખતે કોંગ્રેસે સીકર સીટ સીપીઆઈ(એમ)ને ગઠબંધન હેઠળ આપી છે. જ્યારે ચુરુના બીજેપી સાંસદ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. આ વખતે ઝુનઝુનુમાં કોંગ્રેસનો આકરો મુકાબલો છે. રાજકીય જાણકારોનું કહેવું છે કે વિધાનસભાની ચૂંટણી મુજબ કોંગ્રેસે ત્રણેય બેઠકો પર લીડ મેળવી છે. જોકે, વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીઅલગ-અલગ મુદ્દાઓ પર લડવામાં આવે છે.

# ભોજશાળાના એએસઆઈ સર્વેમાં હિંદુ પ્રતીકો મળ્યા, મુસ્લિમ પક્ષે દાવો નકાર્યો

ધાર,તા.૫

મધ્યપ્રદેશના ધારની ભોજશાળા મુદ્દા સાથે જોડાયેલા એક હિન્દુ પક્ષે ચોંકાવનારો દાવો કર્યો છે. પાર્ટીએ કહ્યું છે કે ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ પરિસરમાં ચાલી રહેલા સર્વે દરમિયાન હિન્દુઓના ધાર્મિક પ્રતીકો અને વસ્તુઓ ધરાવતું ભોંયરું મળી આવ્યું છે. જો કે, મુસ્લિમ પક્ષે આક્ષેપ કર્યો હતો કે દાવો ’ભ્રામક’ છે. તમને જણાવી દઈએ કે મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર એએસઆઈએ ૨૨ માર્ચથી ભોજશાળાના વિવાદિત પરિસરમાં સર્વે શરૂ કર્યો હતો. આ આદેશ એક હિન્દુ સંગઠનની અરજી પર આપવામાં આવ્યો છે જેણે ભોજશાળા મુદ્દે કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે સોમવારે ભોજશાળાના મધ્યકાલીન સંકુલના સર્વે પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષો આ સંકુલનો દાવો કરે છે. સર્વોચ્ચ અદાલતે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આ સર્વેક્ષણના પરિણામો અંગે તેની પરવાનગી વિના કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. હિંદુ સમુદાયના વકીલ કુલદીપ તિવારીએ ધારમાં કહ્યું કે જે વસ્તુઓ પહેલા ભોજશાળા પરિસરમાં દેખાતી ન હતી તે હવે પ્રકાશમાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ સંકુલમાં દેવી સરસ્વતીના મંદિરના ગર્ભગૃહની જમણી બાજુએ એક ભોંયરું મળ્યું છે.

# ઉત્તરપ્રદેશના ૧૬ હજાર મદરેસાની માન્યતા નાબૂદ

## મદ્રેસાઓ હવે UP બોર્ડ, CBSE અથવા ICSE પાસેથી માન્યતા લઈને શાળાઓની તર્જ પર કામ કરી શકશે

અલ્હાબાદ,

યોગી સરકારે રાજ્યના તમામ ૧૬ હજાર મદરેસાની માન્યતા નાબૂદ કરી છે. રાજ્યના ૧૬ હજાર મદરેસામાં કુલ ૧૩.૫૭ લાખ વિદ્યાર્થીઓ છે. કુલ મદરેસાઓમાંથી ૫૬૦ સબસિડીવાળી મદરેસાઓ છે જ્યાં ૯૫૦૦ શિક્ષકો કામ કરી રહ્યા છે. યુપીના અલ્પસંખ્યક કલ્યાણ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે કહ્યું કે હાઈકોર્ટના નિર્ણયને મદરસા અઝીઝિયા ઈજાજુતુલ ઉલૂમના મેનેજર અંજુમ કાદરીએ પડકાર્યો છે, જેના પર શુક્રવારે સુનાવણી થવાની છે. સરકાર ત્યાં પોતાનું સ્ટેન્ડ રજૂ કરશે.અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચના નિર્ણય બાદ હવે ઉત્તર પ્રદેશમાં તમામ મદરેસાઓની માન્યતા સમાપ્ત થઈ ગઈ છે. ધોરણોને પૂર્ણ કરતી મદ્રેસાઓ હવે UP બોર્ડ, CBSE અથવા ICSE પાસેથી માન્યતા લઈને પ્રાથમિક અથવા માધ્યમિક શાળાઓની તર્જ પર કામ કરી શકશે. જે મદરેસાઓ ધોરણોને પૂર્ણ કરતા નથી તેમને કોઈપણ બોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવશે નહીં અને તેનું સંચાલન બંધ થઈ જશે. આ મદરેસાઓમાં ભણતા બાળકોને સરકારી પ્રાથમિક અથવા માધ્યમિક શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.





# ગુજરાતમાં ટેસ્લાની એન્ટ્રી પાક્કી ?

## ફેક્ટરી માટે જમીન શોધવા માટે ટીમ ભારત આવશે : ૨થી ૩ અબજ ડૉલરનો પ્લાન્ટ લગાવશે

અમદાવાદ,

ભારત સરકારે કેટલાક દિવસ પહેલા પોતાની નવી ઈલેક્ટ્રિક વ્હિકલ પોલિસી (ની જાહેરાત કરી હતી. તે બાદ દિગ્ગજ ઈફ કંપની ટેસ્લા ના ભારત આવવાની સંભાવના પર મોહર લાગી ગઈ હતી. હવે ટેસ્લાની ભારતમાં એન્ટ્રી પાક્કી થઈ ગઈ છે. એપ્રિલના અંતમાં ટેસ્લા તરફથી એક ટીમ ભારત આવવાની છે. આ ટીમનું કામ ભારતમાં પ્લાન્ટ લગાવવા માટે સૌથી સારી જગ્યા શોધવાનું હશે. આ ટીમની નજર ગુજરાત, મહારાષ્ટ્ર અને તમિલનાડુ પર સૌથી વધારે છે.

એલન મસ્કની ટેસ્લાએ લગભગ ૨થી ૩ અબજ ડૉલરનો પ્લાન્ટ ભારતમાં બનાવવાનો પ્લાન તૈયાર કર્યો છે. આ પ્લાનને જમીન પર ઉતારવા માટે એક ટીમ એપ્રિલના અંતમાં ભારત આવશે. દિગ્ગજ ઈલેક્ટ્રિક વ્હિકલ કંપની ટેસ્લાની આ ટીમ કેટલાક રાજ્યનો પ્રવાસ કરીને પ્લાન્ટ માટે જમીન શોધશે. ટેસ્લાની પ્રાથમિકતા તે રાજ્ય છે જયા પહેલાથી જ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી છે.

ટાટા કાર પ્રોજેક્ટ બાદ સેમિકન્ડકટર પ્રોજેક્ટ માટે વિશ્વની ટોપની માઈક્રોન કંપનીને પણ ચિપ્સ માટે સાણંદ નજીક જ જમીન ફાળવી દેવામાં આવી છે. સેમિકન્ડકટર પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે. હવે ટેસ્લા કાર પ્રોજેક્ટ પણ સાણંદ નજીક શરૂ થાય તે જોતાં આ વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ વધુ વિકસીત થશે તે નક્કી છે.

CMYK CMYK

# પ્રચાર-પ્રસારનો ધમધમાટ : નરેન્દ્ર મોદીની ૧૨ ચૂંટણી સભા અને રોડ શોનું થઈ રહ્યું છે આયોજન



ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં ૭મી મેના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં હજુ પ્રચાર-પ્રસારનો ધમધમાટ જોવા મળતો નથી. ભાજપે તમામ ૨૬ બેઠકોના ઉમેદવારો જાહેર કરી દીધા છે. કોંગ્રેસના હજુ ૭ બેઠકોના ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. હાલ ઉમેદવારો પોત પોતાની રીતે ગૃપ મીટિંગો અને લોક સંપર્ક કરીને પ્રચાર કરી રહ્યા છે. પણ એકાદ સપ્તાહ બાદ પ્રચારનો ધમધમાટ જોવા મળશે.

ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૦થી ૧૨ જેટલી સભાઓ અને રેલીઓ યોજાશે. જેમાં જે વિસ્તારમાં વિરોધ જોવા મળી રહ્યો છે. એવા વિસ્તારોમાં મોદીની સભા અને રેલીઓ યોજાશે. જો કે હજુ વડાપ્રધાન મોદી પ્રચાર માટે ગુજરાતમાં ક્યારે આવશે તેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થયો નથી, પણ બે કે ત્રણ તબક્કામાં મોદીનો પ્રચાર માટેનો કાર્યક્રમ ગોઠવાશે.ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ યોજાશે તેને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસાર માટે તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. આ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ જેટલી જંગી જાહેર સભા અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે અને રાજયના આઠ મહાનગરો ઉપરાંત લોકસભાના ક્લસ્ટર મુજબ જાહેર સભા અને રેલીનું આયોજન કરાશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૬ લોકસભા બેઠકને ક્લસ્ટર બનાવી દેવાયા છે. આ ક્લસ્ટર મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. અર્બન વિસ્તારમાં આ રોડ શોની સાથોસાથ જંગી જાહેર સભા પણ યોજાશે. જેમાં વડાપ્રધાન મોદીની સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય અને વિકાસના કામોની યાદી જાહેર કરવામાં આવશે.

# વડોદરામાં મોડીરાત્રે પ્લાસ્ટિકની કંપનીમાંભીષણ આગ

## શેડ બળીને ખાખ કોઈ જાનહાનિ થઈ નથી



વડોદરા

વડોદરાના જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં ગત મોડીરાત્રે આગનો બનવા સામે આવ્યો હતો. આ આગ પ્લાસ્ટિક કંપનીમાં લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાસ્ટિકની કંપનીમાં આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગના બનાવ અંગે ફાયર વિભાગની જાણ કરતા ત્રણ ફાયર સ્ટેશનની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર ભારે જહેમત બાદ કાબૂ મેળવી છે.

સાવલી જીઆઈડીસીમાં અવારનવાર આગના બનાવો સામે આવતા હોય છે. ગતરાત્રે ૧૧:૩૦ કલાકે ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે, કે.બી. પ્લાસ્ટિક નામની કંપનીમાં ભીષણ આગ લાગી છે. આ કોલ મળતા જ ઈઆરસી ફાયર સાથે ટીપી ૧૩ અને દાંડિયાબજાર ફાયર સ્ટેશનની ટીમો ચાર ગાડીઓ સાથે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

# વરાછા : ૪.૧૨ લાખના હીરા ચોરી કારીગર છૂ

## કારીગર ચોરી કરતો કેમેરામાં દેખાતાં ફરિયાદ

વરાછા

વરાછા માતાવાડીમાં હીરાના કારખાનામાંથી ૪.૧૨ લાખના હીરાની ચોરી કારીગર ફરાર થયો છે. સ્ટોક ઓછો મળતા સીસીટીવી કેમેરામાં તપાસ કરતા કારીગર ચોરી કરતો જોવા મળ્યો હતો. માલિકે ફોન કરી બોલાવ્યો છતાં તે બિમારીના બહાના બતાવી કારખાને આવતો ન હતો. છેવટે હીરાવેપારી વિજયભાઈ ભંડેરીએ વરાછા પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસે કારીગર રાજેન્દ્ર શાંતિ મકવાણા (મૂળ રહે, પાર્વતી સ્મૃતિ બિલ્ડિંગ, થાને, મહારાષ્ટ્ર) વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધ્યો છે. કારીગર કારખાનામાં જ રહેતો હતો. કારીગરને ૬ મહિના પહેલા નોકરી પર રખાયો હતો. ૨ માર્ચે વેપારી કારખાને આવ્યા હતા. તે સમયે વિજયભાઈ ઘરે ગયા જ્યારે ભાઈ ઓફિસે બેઠાં હતા. આ અરસામાં કારીગરે હીરા ચોરી લીધા હતા.

# ૪ દિવસ બાદ તાપમાન ૪૦ ડિગ્રીને આંબશે

## આ અઠવાડિયું વાતાવરણ વાદળછાંયુ રહેશે



અમદાવાદ,

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને આગાહી કરવામાં આવી છે. જે અનુસાર ચોથા અને પાંચમા દિવસે કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ અથવા તો તેનાથી વધુ જઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં તાપમાનનો પારો ઉંચકાય તેવી સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

અગાઉ હવામાન વિભાગ દ્વારા એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમા મોટાભાગના જિલ્લાનું તાપમાન વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ઉપરાંત સામાન્ય તાપમાન કરતાં એક ડિગ્રી તાપમાન વધુ રહેવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી તે અનુસાર એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં વાદળછાયા વાતાવરણ બાદ બીજા સપ્તાહથી સીધા કિરણો જમીન પર પડતાં ગરમીનો અનુભવ વધુ પ્રમાણમાં થાય તેવી શક્યતા છે.

### ઉત્તર અને દક્ષિણ તરફના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ઝડપી રહેશે

ગુજરાત રાજ્યના ઉત્તર અને દક્ષિણ તરફના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ઝડપી રહેશે. ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં એટલે કે, કચ્છના અખાત તરફ ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી જ્યારે ખંભાતના અખાતમાં ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાશે. ગુજરાતના મેદાની પ્રદેશ ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાને કારણે આગામી ત્રણ દિવસ હજુ પણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ત્યારબાદ ધીમે ધીમે તાપમાનનો પારો વધતા ગરમીનો અનુભવ થશે.

# કારખાનામાં ટાંકી સાફ કરવા ઉતરેલા બે શ્રમિકના ગૂંગળામણથી થયા મોત

## બે મજૂરો હાલ હોસ્પિલટમાં સારવાર હેઠળ

મોરબી

મોરબીના ખારચિયા ગામે કારખાનામાં ટાંકી સાફ કરવા ઉતરેલા બે શ્રમિકાના ગૂંગળામણથી મોત નિપજ્યા છે. જ્યારે બે મજૂરો હાલ હોસ્પિલટમાં સારવાર હેઠળ છે. આ મામલે મોરબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મોરબી જિલ્લાના ખારચિયા ગામ પાસે આવેલ બાયઝોનિક લાઈફ સાયન્સ નામના કારખાનામાં ગુરૂવારે ટાંકી સાફ કરવા માટે ચાર શ્રમિકો ઉતર્યા હતા. જેમાં બે મજૂરોને ગૂંગળામણથી જીવ ગુમાવ્યા પડ્યા છે. જ્યારે બે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ આ બનાવની જાણ થતા જ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને તપાસનો ધમધામટ શરૂ કર્યો છે.

# ૮૦ નકલી માર્કશીટ બનાવનાર રાજેન્દ્ર બિહારથી ઝડપાયો

## આરોપી રાજેન્દ્ર ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાનનો સેક્રેટરી : અત્યાર સુધી ૪ આરોપીની ધરપકડ

અમદાવાદ,


દેશની વિવિધ યુનિવર્સિટી અને બોર્ડની નકલી માર્કશીટ-ડિગ્રી બનાવવાના આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી અગાઉ ૩ આરોપી ધ્રુવિન કોઠિયા, વિશાલ તેજાણી અને સંજય ગેલાણીની ધરપકડ કરી હતી. હવે પોલીસે બિહારના કટિહાર ખાતે આવેલા ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાનના ડાયરેક્ટર કમ સેક્રેટરી રાજેન્દ્ર રોહિત ઠાકુરની બુધવારે ધરપકડ કરી હતી.

આરોપી રાજેન્દ્રે વર્ષ ૨૦૧૧માં આ સંસ્થા શરૂ કરી હતી. અત્યાર સુધી આરોપી ૮૦ જેટલી નકલી ડિગ્રી-માર્કશીટ બનાવી હોવાનું સામે આવ્યું છે. ટિહારમાં રાજેન્દ્ર મોટું માથું હોવાથી તેની સામે લોકલ પોલીસ પણ કાર્યવાહી કરવામાં ગલ્લાતલ્લા કરતી હતી. શરૂઆતમાં ઉત્રાણ પોલીસ ફક્ત આરોપીનો મોબાઈલ કબજે કરી શકી હતી. જેમાં સુરતના ઉચ્ચ પોલીસ અધિકારીએ બિહાર પોલીસ સાથે ટેલિફોનીક સંકલન કરતાં રાજેન્દ્રનો કબજો મેળવી શકાયો હતો.

### ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાન વેબસાઈટ બનાવી

આરોપી રાજેન્દ્ર ઠાકુરે ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાન વેબસાઈટ બનાવી છે. આ વેબસાઈટમાં દેશની અલગ અલગ રાજ્યોની ૩૨ યુનિવર્સિટી અને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની અલગ અલગ ૧૨ બોર્ડની માહિતી દર્શાવી છે. જેમાં ફી સહિતની તમામ વિગતો ઉપલબ્ધ કરાવી છે.

# મોહન ભાગવત ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે



અમદાવાદ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની આગામી મુલાકાત વડોદરા અને ભરૂચ જેવા મતવિસ્તારોમાં વધતી જતી જૂથવાદની પૃષ્ઠભૂમિમાં મહત્વ ધરાવે છે.કારણ કે ચાલી રહેલા રાજકીય વિખવાદ પર તેની સંભવિત અસર વિશે અટકળો છે. ઈજીજી વડા મોહન ભાગવત ૬ એપ્રિલ શનિવારના રોજ વડોદરા પહોંચવાના છે.૭ એપ્રિલે ભાગવત ગરુડેશ્વર ખાતેના દત્ત મંદિરમાં સવારના દર્શન માટે જશે.આ દરમિયાન વડોદરામાં બૌદ્ધિકો સાથે બેઠક કરશે.

# કોંગ્રેસે ૨૦૨૨માં હારેલા ત્રણ ઉમેદવારોને લોકસભામાં ઉતાર્યા

## સુરેન્દ્રનગરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને ટિકિટ



સુરેન્દ્રનગર

લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસે ૧૨મી યાદી જાહેર કરી છે, જેમાં ગુજરાતના ત્રણ ઉમેદવારોનાં નામ છે. સુરેન્દ્રનગરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને ટિકિટ મળી છે. હવે કોંગ્રેસના ૪ ઉમેદવારો જાહેર થવાના બાકી છે.

સુરેન્દ્રનગર સીટ પરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હીરાભાઈ જોટવા, વડોદરાથી જશપાલસિંહ પઢિયારને મેદાનમાં ઉતાર્યા છે. ઋત્વિક મકવાણા વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ચોટીલા સીટ પર જીત્યા હતા. જોકે વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. જ્યારે જૂનાગઢ સીટ માટે જાહેર કરાયેલા હીરાભાઈ જોટવાએ ગઈ વિધાનસભા ચૂંટણીમાં કેશોદ સીટ પરથી ઝંપલાવ્યું હતું.

# સુરતમાં એક બેન્ક મેનેજરે નજીવી બાબતે કર્યો આપઘાત

સુરત,

સુરતમાં એક બેક્ન મેનેજરે નજીવી બાબતે આપઘાત કરી લેતા શોકનું મોજુ ફરી વળ્યું છે. ઘટનાસ્થલેથી પોલીસને સ્યુસાઈડ નોટ મળી છે પરંતુ આપઘાતનું ચોક્કસ કારણ હજીસુધી જાણવા મળ્યું નથી. આ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ સુરતના કાપોદ્રામાં બેક્ન મેનેજર તરીકે કામ કરતા રાકેશ નવાપરિયાએ ગળાફાંસો ખાઈ લઈને આત્મહત્યા કરી હતી. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થલે આવીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે મૃતકે લખેલી એક સ્યુસાઈડ નોટ કબજે કરી છે.

જેમાં બેક્ન મેનેજર રાકેશ નવાપરિયાએ જણાવ્યું છે કે સોરી ભાઈ હું માનસિક રીતે એટલો પડી ભાંગ્યો હતો કે મારે આ પગલું ભરવું પડે છે. તે સિવાય તેમણે પરિવારના સભ્યોને યાદ કરીને તમામને જયશ્રી ક્રિશ્ના લખ્યું હતું.

# વીજ રિમોટથી મીટર સાથે ચેડાં : 7.23 કરોડ દંડ

## એક જ મીટરમાં આટલો મોટો દંડ પહેલી ઘટના : પીપોદરાની યોગેશ્વર એસ્ટેટની શ્રીરામ ટેક્સોલેન પર મધરાતે ટીમ ત્રાટકી

અમદાવાદ,

પીપોદરાની યાર્ન કંપનીમાં ડીજીવીસીએલે મધરાતે દરોડો પાડ્યો હતો. કંપની રિમોટથી મીટરને કંટ્રોલ કરીને વીજ વપરાશ ઘટાડતી હતી, જેથી ૭.૨૩ કરોડનો દંડ ફટકારાયો છે. એક જ મીટરમાં આટલો મોટો દંડ પહેલી ઘટના છે.ડીજીવીસીએલની વિજિલન્સ, પોલીસ સહિતની ટીમે બાતમીના આધારે યોગેશ્વર એસ્ટેટમાં મધરાતે ૨ વાગ્યે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં શ્રીરામ ટેક્સોલેન કંપનીના ૩ દરવાજાને અંદરથી તાળું મારેલું હતું.

ટીમે દરવાજો કૂદીને અંદર જઈ ચેક કરતાં ટેબલ પરથી રિમોટ મળી આવ્યું હતું. જેનો ઉપયોગ મીટરના એમ્પિયરના કંટ્રોલ માટે થતો હતો. ટીમે કેસ નોંધી દંડ પેટે ૬.૭૫ કરોડ તેમજ કંમ્પાઉન્ડિંગના ૪૮ લાખ મળી ૭.૨૩ કરોડનું બિલ પકડાવી દીધું હતું. આવી તોતિંગ વીજ ચોરી જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કંપનીના માલિકે મીટરમાં એક્સપર્ટ પાસે સર્કિટ લગાવી રિમોટથી મીટરનું કંટ્રોલ કરતા હતા. રિમોર્ટથી વીજ મીટરમાં એમ્પિયર વધારી કે ઘટાડી શકાતો હતો. ફેક્ટરીમાં જ્યારે વધારે વીજળીનો ઉપયોગ થવાનો હોય ત્યારે રિમોર્ટથી મીટરમાં એમ્પિયર ઘટાડી દેવામાં આવતા હતા.

# પૂર્વ કચ્છમાંથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે પંજાબનો એક યુવક ઝડપાયો

ભુજ,

કચ્છમાં ફરી એકવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. મળતી જાણકારી અનુસાર, પૂર્વ કચ્છ પોલીસે પંજાબના એક યુવકને એમડી ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. પંજાબના યુવક પાસેથી ૬૪.૨૦ ગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત ૨૧ લાખ ૧૦ હજાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ કેસમાં અન્ય બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

પૂર્વ કચ્છ પોલીસે ૬૪.૨૦ ગ્રામ સાથે પંજાબના તરનતારન જિલ્લાનાં યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે બાતમીના આધારે એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. બીજી તરફ બનાસકાંઠામાં ધાનેરા વિસ્તારમાં બે શખ્સો સ્મેક નામના નશીલા દ્રવ્યોનું વેચાણ કરતા હોવાની સીઆઈડી ગાંધીનગરને બાતમી મળી હતી. આ માહિતીના આધારે દરોડા પાડી સ્મેક નામના ડ્રગ્સ સાથે કેરાજી ગેનાજી રાજપુત અને દાના બાબુભાઈ રબારીને ઝડપી પાડ્યા હતા.

# ખાદ્યતેલમાં રૂ.૧૦, કપાસિયા તેલમાં ૧૫નો થયેલો વધારો



અમદાવાદ,

ખાદ્યતેલના ભાવમાં રૂ.૧૦નો અને કપાસિયા તેલમાં રૂ.૧૫નો વધારો થયો છે. અન્ય તેલોના ભાવમાં સ્થિરતા જોવા મળી હતી. મગફળી બજારમાં ભાવમાં નોંધનીય ફેરફાર જોવા મળ્યો છે. ચણા બેસન બજારમાં સતત સ્થિર વલણ રહેતા વેપારીઓમાં નિરાશા જોવા મળી છે. એરંડા બજારમાં ભાવમાં વધઘટ જણાતી હતી. મગફળી બજારમાં ભાવમાં નોંધપાત્ર ફેરફાર હતો. જૂનાગઢમાં ૬,૦૦૦ ગુણીની આવક હતી. જેમાં પિલાણના ૨૪,૨૦૦, જી ૧૦ ૨૮,૧૦૦, જી૨૦ ૩૧ ૨૮,૩૦૦ અને ટીજે ૩૭ ૨૭,૩૦૦ ઉપર જણાતા હતા. ખાદ્યતેલના ભાવમાં રૂ.૧૦નો અને કપાસિયા તેલમાં રૂ.૧૫નો વધારો થયો છે. અન્ય તેલોના ભાવમાં સ્થિરતા જોવા મળી હતી.

રાજકોટમાં સીંગતેલમાં ૧૫ કિગ્રા ટીન ૨૫૬૦-૨૬૧૦, ૧૫ કિગ્રા લેબલ ટીન ૨૫૧૦ – ૨૫૬૦, ૧૫ લીટર નવા ટીન ૨૪૩૦ – ૨૪૮૦, ૧૫ લીટર લેબલ ટીન ૨૨૮૦ – ૨૩૩૦ ઉપર હતા. સાઈડ તેલોમાં કપાસિયા તેલમાં રૂ. ૧૫ કિગ્રા નવા ટીન ૧૭૩૫-૧૭૬૫, ૧૫ કિગ્રા જુના ટીન ૧૬૦૫ – ૧૬૫૫, ૧૫ લીટર નવા ટીન ૧૫૩૫ – ૧૫૮૫, ૧૫ લીટર જુના ટીન ૧૪૮૫- ૧૫૩૫ ઉપર જણાઈ રહ્યા છે.


# દાહોદમાં બે મુસાફરોએ વેન્ડર સાથે માથાકૂટ કરી ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો

દાહોદ,

પશ્ચિમ રેલવેના રતલામ મંડળના બિલડી નજીક પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારીને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા બે મુસાફરોએ ગાળો બોલી, મારામારી કરી ચાલુ ગાડીમાંથી ફેંકી દેતા ચકચાર પછી જવા પામી છે. જોકે ટ્રેન ધીમી ગતિએ ચાલતી હોવાથી વેન્ડરનો બચાવ થયો હતો. પરંતુ તેને શરીરે ઈજાઓ પહોંચતા બેભાન અવસ્થામાં ૧૦૮ મારફતે મેઘનગરના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે બંને મુસાફરોને આરપીએફ દ્વારા ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે

પ્રાપ્ત માહિતી અનુસાર, અમૃતસરથી બાંદ્રા તરફ જતી ૧૨૯૦૪ અમૃતસર-બાંદ્રા ગોલ્ડન ટેમ્પલ મેલમાં જી૬માં સવાર મુસાફરો સવારથી જ પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારી સાથે જોડેલો જનરલ કોચમાં ખાણીપીણીનું સામાન વેચવા અવરજવર કરી રહ્યો હતો. આ દરમિયાન ઉપરોક્ત બંને મુસાફરો વેન્ડર જોડે માથાકૂટ કરી પરેશાન કરી રહ્યા હતા.

# પોતાને કેન્દ્રીય જેલમાં ટ્રાન્સફર ન કરવા નિર્દેશ આપવા હાઈકોર્ટમાં સંજીવ ભટ્ટે કરી



પાલનપુર,

ગુજરાત કેડરના પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ ફરી એકવાર સમાચારોમાં છે. સંજીવ ભટ્ટને પાલનપુર કોર્ટે ૧૯૯૬ના ડ્રગ હેરફેરના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. તે જેલમાં છે. દરમિયાન પૂર્વ આઈપીએસ અધિકારીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે માગ કરી છે કે રાજ્ય સરકાર અને જેલ સત્તાવાળાઓને તેમને કેન્દ્રીય જેલમાં ટ્રાન્સફર ન કરવા નિર્દેશ આપવામાં આવે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે જેલમાં તેમના જીવનને ભયજનક ગુનેગારો અને આતંકવાદીઓથી જોખમ છે જેમની તેમણે તેમની સેવા દરમિયાન ધરપકડ કરી હતી. રાજ્ય સરકારે તેનો વિરોધ કર્યો અને સંજીવ ભટ્ટને પૂછ્યું કે તેમણે તેમની સેવા દરમિયાન કયા આતંકવાદીની ધરપકડ કરી હતી? તેણે ૨૦-૨૫ વર્ષ સુધી એવી કોઈ પોસ્ટ પર કામ નથી કર્યું જેમાં તેણે ગુનેગારોને પકડ્યા હોય.

ભટ્ટે ૨૮ માર્ચે અરજી દાખલ કરી હતી. તે જ દિવસે પાલનપુર જિલ્લા કોર્ટે એનડીપીએસ કેસમાં તેને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે તેને જામનગર જિલ્લા કોર્ટની કસ્ટડીમાં ટ્રાન્સફર કરવાનો આદેશ પણ આપ્યો હતો, જ્યાં જૂન ૨૦૧૯માં તેને ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

# પદ્મિનીબાએ રૂપાલાને રાક્ષસ કહ્યા! 'આ રાક્ષસનો સપોર્ટ કરવો સારું નથી, અમે બહેનો જૌહર પર ઊતરીશું તો કમલમમાં જગ્યા ખૂટશે'

રાજકોટઃ રાજકોટમાં રેલનગરમાં સ્થિત ક્ષત્રિય સમાજની વાડી ખાતે રાજપૂત કરણીસેના પ્રદેશ મહિલા અધ્યક્ષ પદ્મિનીબા વાળા સતત બીજા દિવસે અન્નત્યાગ પર બેઠાં છે. તેમણે પુરુષોત્તમ રૂપાલાને રાક્ષસ કહ્યા છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રૂપાલાભાઈની ટિકિટ રદ નહીં થાય ત્યાં સુધી હું અન્નત્યાગ પર રહીશ. જરૂર પડશે તો જૌહર કરીશ. મને અન્ય બહેનો અને દીકરીઓના ફોન આવે છે કે, તમારે એકે જૌહર કરવાનું નથી, આ બધી બહેન-દીકરીઓનો પ્રશ્ન છે. આપણે બધા સાથે જૌહર કરીશું, અમે બધી બહેનો જૌહર પર ઊતરી જઈશું તો કમલમમાં જગ્યા ખૂટશે. ક્ષત્રિય સમાજના રાજકીય આગેવાનો પણ અમારી સાથે છે.વધુમાં જણાવ્યું હતું કે, રૂપાલાભાઈનો મેં ઘરે ઘરે જઈને પ્રચાર કર્યો છે, મારે કોઈ દુશ્મની હતી જ નહી. પણ રૂપાલાભાઈએ બફાટ કરી ત્યાર પછી અમે તેના વિરોધીઓ થઈ ગયાં છીએ. રૂપાલાભાઈના નિવેદનથી મને આંચકો લાગ્યો કે, બાપ રે...આવાની આગેવાની.



આ અંદરખાને શું નહીં કરતા હોય. ભાજપને એવી પણ માગ કરું છું કે, એવા વ્યક્તિ લાવો જેમાં સ્ત્રીઓની પણ સુરક્ષા જળવાઈ રહે. ભાજીમૂળા થોડા છે કે, મનફાવે તેવું બોલી દેવું. એવું જ્ઞાન હોવું જોઈએ કે આપણે શું બોલવું જોઈએ. બફાટ કર્યો છે તેનું આજે શું પરિણામ જોઈ શકો છો. કોઈ પણ વ્યક્તિ બફાટ કરીને જતી રહે અને તેને શીખ મળે એટલે માફી તો નહીં.રૂપાલાની તરફેણમાં પાટીદાર સમાજની બેઠક અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ સંમેલન કરી રહ્યું છે તો તેની મેટર છે, અમે ના પણ ન પાડી શકીએ. પણ એક રાક્ષસનો સપોર્ટ કરવો એ સારું નથી. સારી વ્યક્તિને સપોર્ટ કરવો જોઈએ. રાક્ષસે સારી તો વાત કરી નથી. પાટીદાર સમાજના ભાઈઓના મને એવા ફોન આવે છે કે, બહેન અમે તમારી સાથે છીએ.સોશિયલ મીડિયામાં એવા તત્ત્વો પણ હોય કે, તેને આમાંથી બીજો લાભ ઉઠાવવો હોય. આમાંથી ઘણું બધું બનશે. આમાં આપણે નહીં વિચાર્યું હોય એવું બનશે. આવાં તત્ત્વો લાભ ઉઠાવીને જતાં રહેશે. આથી પાટીદાર સમાજના આગેવાનોને હું વિનંતી કરું છું કે, તમે લોકો એક સાઈડ રહી જશો અને જેને ફાયદો ઉઠાવવાનો હશે તે સામસામે સમાજને લઈ આવશે. આથી આમાં બહુ ધ્યાન દેવું નહીં. સમાજ સમાજ વચ્ચેની લડાઈ રહેવા દો.

# સોની બજારની ચમક વધશે, નવા ૫ ગણા યુનિટો આવશે

રાજકોટઃ

રાજકોટ અને સૌરાષ્ટ્રની સોની બજારની ચમકમાં વધારો થશે. હાલ સોનાના દાગીના બનાવતી મોટી ફેક્ટરી અંદાજિત ૨૦ છે. રાજકોટમાં સ્થાનિક ઓર્ડર જેટલા નોંધાઈ છે તેટલા જ આંતરરાષ્ટ્રીય કક્ષાના પણ નોંધાઈ રહ્યા છે. ૨૦૨૫ની શરૂઆતમાં ૫ ગણા નવા યુનિટો સોના-ચાંદી બજારમાં આવશે. તેમજ ઘરઆંગણે કારીગરો છે તેની કુશળતામાં વધારો થાય તે માટે રાજકોટમાં રાષ્ટ્રીય કક્ષાની હુન્નર શાળા પણ શરૂ કરવામાં આવશે તેમ ઈન્ડોટેક જ્વેલરી મેન્યુફેક્ચર ફેડરેશનના જોઈન્ટ સેક્રેટરી પ્રવીણભાઈ વૈદ્ય જણાવે



છે.વધુમાં તેના જણાવ્યાનુસાર અત્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ઓર્ડર મળી રહ્યા છે. તેમાં દુબઈનો પણ સમાવેશ થાય છે. આ ચલણ છેલ્લા ૨ વર્ષથી વધ્યું છે. રાજકોટમાં સોની બજારનું માર્કેટ સૌથી મોટું છે. ત્યારે કર્મચારીઓની કુશળતમાં વધારો કરતી જે હુન્નર શાળા શરૂ કરવામાં આવશે તેમાં ડિઝાઈન,પોલિશિંગ, જ્વેલરી મેકિંગ સહિત સોના-ચાંદી કામની તમામ કામગીરી શિખવાડવામાં આવશે.તાલીમ આપવા માટે રાષ્ટ્રીય કક્ષાએથી નિષ્ણાતો આવશે. નવી ફેક્ટરીની સંખ્યા વધતા મોટું મૂડીરોકાણ થશે અને ઘરઆંગણે જ રાષ્ટ્રીય કક્ષાની હુન્નર શાળા શરૂ થવાથી સૌથી મોટો ફાયદો ગ્રાહકો અને કારીગરોને મળશે. કારણ કે, ફેક્ટરીમાં એક જ સ્થળે તમામ કામગીરી થઈ શકશે. આથી સમય અને નાણાં બન્નેની બચત થશે એટલે ઉત્પાદન ખર્ચ પણ ઓછો આવશે અને સમય પણ બચી જશે. જ્યારે ઓર્ડર પણ વધારે મળશે આથી રોજગારીના પ્રમાણમાં વધારો થશે.

# રાજકોટ સિવિલમાં પાર્કિંગ બંધ કરાતા દર્દીઓ અને રીક્ષાચાલકો પરેશાન, ટ્રાફિક સમસ્યા દૂર કરવા નિર્ણય લીધોઃ તંત્ર

રાજકોટઃ

રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા અચાનક ઈમરજન્સી સિવાય રીક્ષા અને ખાનગી વાહનો પાર્ક કરવાની મનાઈ કરવામાં આવી છે. જેને કારણે દર્દીઓ તેમજ રીક્ષાચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે આ નિર્ણય હોસ્પિટલમાં થતી ટ્રાફિક સમસ્યા દૂર કરવા માટે લેવામાં આવ્યો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. તેમજ જરૂર પડ્યે અમુક રીક્ષાને પાર્કિંગની મંજૂરી આપવા માટે વિચારણા કરવામાં આવી રહી હોવાનું જણાવાયું છે.મળતી માહિતી અનુસાર સિવિલ હોસ્પિટલમાં આવતા-જતા દર્દીઓ માટે હવે નવી મુસીબત ઊભી થયાની ફરિયાદો ઉઠી છે. તંત્રએ ઓટો રીક્ષાના પાર્કિંગ પર બ્રેક મારી દેતા વૃદ્ધ-અશક્ત અને ચાલી ન શકે તેવા દર્દીઓને બહારથી સંબંધિત વોર્ડ વિભાગ પહોંચાડવામાં ભારે




હાલાકી થઈ રહી છે. સિવિલની પોલીસ ચોકી પાસે જગ્યા હોવા છતાં રીક્ષા પાર્કિંગ બંધ કરાયું છે. જ્યારે ચૌધરી હાઈસ્કૂલ મેદાનમાં દીવાલ બનાવી દેવાય છે. જેને લઈ રીક્ષાચાલકો રસ્તા ઉપર ઉભા રહેવા મજબૂર બન્યા છે. જોકે ત્યાં પણ પોલીસની મનાઈ હોવાથી નજીકમાંથી રીક્ષા મળવી મુશ્કેલ બની જાય છે.અગાઉ ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી સિવિલ હોસ્પિટલમાં નાના-મોટા વાહનો એટલે કે રીક્ષા-એમ્બ્યુલન્સ મારફતે પ્રવેશી શકાતું અને આ મેદાનમાં રીક્ષાઓ પાર્કિંગ થઈ શકતી પણ અહીં સંબંધી તંત્રએ ચૂંટણી કામગીરીને લીધે સતત વાહનોની અવર-જવર પાર્કિંગને ધ્યાને લઈ દીવાલ ઉભી કરી દેતા હવે ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી દર્દીઓના રીક્ષા જવા વાહનોની અવર-જવર બંધ થઈ ગઈ છે. પરિણામે દર્દીઓની આવન-જાવનમાં હાડમારી ઉભી થયાની ફરિયાદો ઉઠી છે. 'ટ્રાફિક ન થાય તે માટે પાર્કિંગની મનાઈ'આ અંગે સિવિલ અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદીએ દિવ્યભાસ્કરને જણાવ્યું હતું કે, રિક્ષાઓનાં પ્રવેશ ઉપર કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી. માત્ર હોસ્પિટલમાં ટ્રાફિક ન થાય તે માટે પાર્કિંગની મનાઈ કરવામાં આવી છે. અહીં દરરોજ અંદાજે ૪૫૦૦ જેટલા દર્દીઓ આવી રહ્યા હોવાથી ટ્રાફિક સમસ્યા ઉભી થતી હતી. જેને લઈ માત્ર રીક્ષા સહિતના તમામ વાહન પાર્ક કરવાની મનાઈ કરવામાં આવી છે. દર્દીઓને લઈ જતી રીક્ષાને રોકવામાં આવતી નથી. તેમજ દર્દીઓને પરત લઈ જવા માટે પણ રિક્ષાને પ્રવેશ કરવા દેવાની સૂચના સિક્યુરિટી સ્ટાફને આપવામાં આવી છે. આમ છતાં ઈમરજન્સી પાસે થોડી રીક્ષાનું પાર્કિંગ કરી શકાય તેમ હોવાથી જરૂર પડ્યે આ માટે વિચારણા કરવામાં આવશે.

# રાજકોટ યાર્ડની ૨૫ કરોડની આવક ૩૭ કરોડે પહોંચી, ત્રણ વર્ષમાં ૧૨ કરોડનો વધારોઃ ખેડૂતોની સુવિધા માટેના અનેક વિકાસકામો ચાલુ

રાજકોટઃ

રાજકોટ માર્કેટિંગ યાર્ડનો સમગ્ર સૌરાષ્ટ્રમાં ડંકો વાગ્યો છે. અગાઉ ૨૫ કરોડ આસપાસ રહેતી આવક છેલ્લા ૩ વર્ષમાં વધીને ચાલુ વર્ષે ૩૭ કરોડ થતા માત્ર ૩ વર્ષમાં આવકમાં ૧૨ કરોડનો વધારો નોંધાયો છે. આ સાથે યાર્ડમાં ખેડૂતો-વેપારીઓને વધુમાં વધુ સુવિધા આપવા માટે અત્યાર સુધીમાં અનેક વિકાસ કામો કરાયા છે. જ્યારે હયાત ઈમ્ શેડનું વિસ્તૃતિકરણ, ખેડૂતોની જણસીઓનું પ્રોસેસિંગ કરી તેનું વેચાણ કરવાનું, બાયો વેસ્ટમાંથી ખાતર બનાવવાનો પ્લાન જેવા વિકાસકાર્યો ચાલી રહ્યા છે.રાજકોટ જિલ્લાના સહકારી ક્ષેત્રમાં ૫૬ વર્ષ પહેલા આવેલી નવી પેઢીએ પરિણામો બતાવવાનું શરૂ કરી દીધુ છે અને જિલ્લાના સહકારી નેતા જેયશ રાદડીયાના વડપણ હેઠળ રાજકોટ માર્કેટિંગ યાર્ડ નવા સુકાની જયેશ બોઘરાને બનાવ્યા હતા. જે ૩ વર્ષ પહેલાં બનેલા ચેરમેન જયેશ




બોઘરાએ રાજકોટ માર્કેટયાર્ડને સૌરાષ્ટ્રનું નંબર વન યાર્ડ બનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે અને યાર્ડના વહીવટમાં મોટા પ્રમાણમાં ફેરફારો કરીને સારો નફો પણ કરી બતાવ્યો છે.યાર્ડનાં ચેરમેન જયેશ બોઘરાના જણાવ્યા અનુસાર હાલ સહકારી ક્ષેત્રને સ્પર્શતી સરકારી યોજનાઓ બાબતેની સુચનાઓ, નિયમો અને બજારધારાનો કડકપણે અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાનો લાભ ખેડૂતોને મળી રહે તે મુજબ પ્રક્રિયા કરતા ખેડુતોનો વિશ્વાસ યાર્ડ પર વધતા ખેડૂતોનો પ્રવાહ રાજકોટ યાર્ડ તરફ વળ્યો છે અને મબલખ જણસી ઠલવાતા આવકમાં પણ વધારો થઈ રહ્યો છે. અગાઉ યાર્ડની આવક ૨૫ કરોડની આસપાસ હતી. જેમાં હાલ ૧૨ કરોડ જેટલો વધારો થતાં ૩૭ કરોડને આવક આંબી ગઈ છે અને હજુ પણ આવકમાં સતત વધારો થાય તે દિશામાં કામગીરી કરાઈ રહી છે.અત્યાર સુધીમાં માર્કેટ યાર્ડમાં અનેક વિકાસકામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં મુખ્યયાર્ડ તેમજ સબયાર્ડમાં અંદાજે ૨૫ કરોડથી વધુના વિકાસ કામો કરવામાં આવ્યા છે. જેમાં મગફળીની ઉતરાઈ માટે નવા આધુનિક ઈમ્ શેડ, ડુંગળીની ઉતરાઈ માટે નવા શેડ, પેવર ગ્રાઉન્ડ, નવું કોર્પોરેટ વહીવટી કાર્યાલય, હયાત શેડ વચ્ચેના ડોમ, ખેડૂતો માટે રાહતદરે ભોજનાલયનું બાંધકામ, જુના યાર્ડ સંકુલમાં તમામ ઓક્શન શેડના છાપરા બદલાવવાનું કામ તેમજ પોલીસ ચોકી, ૧૦૦% સીસીટીવી સર્વેલન્સ જેવી કામગીરી સામેલ છે.આ ઉપરાંત હાલમાં ૧૫ કરોડથી વધુના વિકાસના કામો ચાલુ છે. જેમાં હયાત ઈમ્ શેડનું વિસ્તૃતિકરણ, ખેડૂતોની જણસીઓનું પ્રોસેસિંગ કરી વેચાણ કરવાનું, બાયોવેસ્ટમાંથી ખાતર બનાવવાનો પ્લાન, શાકભાજી યાર્ડ સંકુલ ખાતે વર્ષોથી કરવામાં આવતી માંગણીના કામો જેવા કે, આર.સી.સી. રોડ રસ્તા, ડ્રેનેજ વર્કસ અને વોટર વર્કસના કામોનો સમાવેશ થાય છે. ચાલુ વર્ષમાં હવે પછી પેટ્રોલપંપ, ટોઈલેટ બોક્સ, ઓક્શન શેડ જેવા અંદાજે ૮ કરોડથી વધુના કામ પણ હાથ ધરવામાં આવનાર છે.

# રેશનકાર્ડમાં ફેસ ઓથેન્ટિકેશન -ઈ કે.વાય.સી. હવે ìMY RATIONî મોબાઈલ એપથી થઈ શકશે

## રાશનકાર્ડ ધારકો જાતે સરળતાથી જ કરી શકશે ફેસ ઓથેન્ટિકેશન- e-KYC રાશનકાર્ડ સાથે આધારકાર્ડનો નંબર લિંક હોવો જરૂરી

રાજકોટઃ

હાલ રાશનકાર્ડ ધારકોની e-KYC કામગીરી ચાલી રહી છે, ત્યારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩ (N.F.S.A.) હેઠળ નોંધાયેલા તમામ લાભાર્થીઓ ìMY RATIONî મોબાઈલ એપથી ઘરે બેઠા જ ìFACE AUTHENTICATION આધારિત e-KYC" કરી શકશે. આ પ્રક્રિયા સરળ છે અને લાભાર્થીઓ પોતાના સ્માર્ટફોનમાં એપ ડાઉનલોડ કરીને આ પ્રક્રિયા કરી શકશે. આ માટે રાશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક હોવું જરૂરી છે.

રાશનકાર્ડ ધારકો ફેસ ઓથેન્ટિકેશન આધારિત ઈ-કે.વાય.સી. કરવા ìMYRATIONî મોબાઈલ એપ PLAY STORE જઈને ડાઉનલોડ કરવી. પછી હોમ પેજ પર ડાબી બાજુ ઉપર દેખાતી ત્રણ આડી લાઈનવાળા ચિહ્ન પર ક્લિક કરવું. એ પછી "પ્રોફાઈલ" પર ક્લિક કરવાથી ઓપન થતા પેજમાં "તમારું રાશનકાર્ડ લિંક કરો" વિકલ્પ આવશે. તેને પસંદ કરીને, રાશનકાર્ડ નંબર અને આધારકાર્ડના છેલ્લા ચાર આંકડા નાખી "તમારું રાશનકાર્ડ લિંક કરો" પસંદ કરવાનું રહેશે.એ પછી ઓપન થતા પેજ પર "હું સંમતિ સ્વીકારું છું" ચેક બોક્સ પસંદ કરી "આધાર ઓટીપી જનરેટ કરો" પર ક્લિક કરવું. જેનાથી જનરેટ થયેલો ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો" પર ક્લિક કરવું. આ પ્રક્રિયા પૂર્ણ થતાં ìRation Card Linked Successfully, You Can Update D™ails Ŋ (તમારું રેશનકાર્ડ સફળતાપૂર્વક લિંક થઈ ગયું છે)" - તેવો મેસેજ સ્ક્રીન પર દેખાશે. મહત્વનું છે કે, ìMY RATIONî એપ્લીકેશનમાં રાશનકાર્ડ લિંક થયા બાદ Face based e-KYC કરવા માટે મોબાઈલ બંધ કરી ફરી ઓપન કરવી જરૂરી છે.

e-KYC કરવા માટે રાશનકાર્ડમાં નોંધાયેલા જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલા હશે, એવા જ સભ્યો એપ દ્વારા e-KYC કરી શકશે.

ìMY RATIONî એપના હોમપેજ પરના આધાર e-KYC મેનુ સિલેક્ટ કરવાથી સ્ક્રીન પર દેખાતા ìDownload AadhaarFaceRd APPî પર ક્લિક કરવાથી એપ્લીકેશન ડાઉનલોડ થયા પછી FACE AUTHENTICATION કરવા માટે આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચી જવી. પછી ચેક બોક્સ પસંદ કરી "કાર્ડની વિગતો મેળવો " પર ક્લિક કરવાનું રહેશે.

ત્યારબાદ રેશનકાર્ડ ચકાસી અને સ્ક્રીન પર દેખાતો કોડ દાખલ કરી "કાર્ડના સભ્યોની વિગતો મેળવો (સ્ટેપ -૧)" ક્લિક કરવાથી "આધાર ી-KYC માટે સભ્ય પસંદ કરો" પર ક્લિક કરી, જે સભ્યનું e-KYC કરવાનું હોય તેનું નામ પસંદ કરવાનું રહેશે. ત્યારબાદ "આ સભ્યમાં આધાર e-KYC કરો (સ્ટેપ -૨)" પર ક્લિક કરવાથી મોબાઈલના સ્ક્રીન પર પ્રદર્શિત થતી સમંતિ કાળજીપૂર્વક વાંચી અને "હું સંમતિ સ્વીકારું છું" ચેક બોક્ષ પર ક્લિક કરવાનું રહેશે.

ત્યારપછી "ઓટીપી જનરેટ કરો (સ્ટેપ -૩)" પર ક્લિક કરવાથી આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઈલ નંબર પર આવેલો ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો (સ્ટેપ -૪)" પર ક્લિક કરવાથી ચહેરો કેપ્ચર (Face Cpture) કરવા માટે કેમેરો ઓપન થશે.

FACE AUTHENTICATION વખતે સ્ક્રીન પર દેખાતો તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખો, આંખ પટપટાવો જેવી સૂચનાઓને અનુસરવાનું રહેશે. ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ સ્ક્રીન પર આધારકાર્ડની વિગતો જેમ કે, જન્મ તારીખ, જાતિ, નામ, સરનામું દેખાશે. e-KYC ની મંજુરી માટે વિગતો મોકલવા માટે "મંજુરી માટે વિગતો મોકલો" ઓપ્શન પર ક્લિક કરવાથી અરજી મંજુરી માટેની વિનંતી સંબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે. મહત્વનું છે કે, આ પદ્ધતિથી silent/ block થયેલ રાશનકાર્ડનું પણ e-KYC કરી શકાય છે.

રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલા ન હોય તેમણે પોતાના રહેણાંકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા મામલતદાર કચેરીનો રાશનકાર્ડ તથા આધારકાર્ડ સાથે રૂબરૂ સંપર્ક કરવા રાજકોટ જિલ્લા પૂરવઠા અધિકારી સુશ્રી રાજશ્રી વંગવાણીની યાદીમાં જણાવાયું છે.

# રૂપાલા સામે રાજપુત સમાજ દ્વારા છેડાયેલા આંદોલનના પગલે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર કલેકટર તંત્ર-પોલીસની ચાંપતી નજરઃ પ્રભવ જોશી




રાજકોટઃરાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે રાજપુત સમાજ દ્વારા છેડાયેલા આંદોલનના પગલે રાજકોટ શહેર-જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કલેકટર તંત્ર-પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. તેમ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ આ મામલે વધુમાં જણાવતા ઉમેર્યુ હતું કે રાજપુત-ક્ષત્રિય સમાજના આ આંદોલનને લઈને પોલીસ કમિશ્નર અને ઈન્ટેલીજન્સ બ્યુરો પણ સતર્ક બનેલ છે. આ ઉપરાંત ચૂંટણી વ્યવસ્થા માટે અર્ધ લશ્કરી દળોની કંપનીઓ મગાવવામાં આવેલ છે.રાજકોટ શહેર અને જીલ્લાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રાજપુત સમાજ અંગે કરેલી ટીપ્પણીના મામલે રાજપુત ક્ષત્રિય સમાજમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો છે. છેલ્લા નવ-દસ દિવસથી આ મામલે ઉગ્ર આંદોલન રાજકોટ બેઠક ઉપરથી રૂપાલાને હટાવવા માટેની માંગણી સાથે ચલાવવામાં આવી રહ્યું છે.આ ઉપરાંત જીલ્લાના કેટલાક ગામોમાં ભાજપના ઉમેદવાર રૂપાલા માટે પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. રૂપાલાને બોયકોટ કરતા પોસ્ટરો રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લગાવવામાં આવેલ છે તેમજ રૂપાલાના વિરોધમાં રાજપુત સમાજની મહિલાઓ દ્વારા ઉપવાસ આંદોલનના પણ મંડાણ કરવામાં આવેલ છે.આ સંજોગોમાં રાજકોટ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે નહીં તે માટે જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા વિશેષ રૂપથી પગલા લેવામાં આવી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કલેકટર તંત્ર તેમજ પોલીસ વિભાગ ચાંપતી નજર રાખી રહી છે.આ સંદર્ભે કલેકટરે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે રાજપુત સમાજના આ આંદોલનને લઈને ઈન્ટેલીજન્સ બ્યુરો પણ સતર્ક બની ગયું છે. પોલીસ કમિશ્નર, જીલ્લા પોલીસ વડા પણ પરિસ્થિતિ ઉપર દેખરેખ રાખી રહ્યા છે. લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. ચૂંટણી વ્યવસ્થા માટે ખાસઅર્ધ લશ્કરી દળોની કંપનીઓ મગાવી લેવામાં આવી છે. લોકસભાની ચૂંટણી માટે અઠવાડીયામાં ઓબ્ઝર્વરનું પણ આગમન થઈ જશે તેમ જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

# કિંમતી મકાન પચાવી પાડવાના ઈરાદે માતાએ પોતાની દિકરી વિરૂધ્ધ કરેલ દાવો રદ

રાજકોટઃઆ દાવાની હકિકત એવી છે કે, વાદી જયાબેન દેવશંકરભાઈ પુરોહિતએ જસદણમાં સ્ટેશન રોડ પર આવેલ મકાન જે તેમની દિકરીએ પોતાના પિતા પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદેલ કરેલ હતું. પિતાના અવસાન બાદ માતાએ મકાનનો દસ્તાવેજ રદ કરવા જસદણની અદાલતમાં દાવો દાખલ કરેલ હતો. પ્રતિવાદી તરીકે આરતીબેન દેવશંકર પુરોહિત વા/ઓ ગીરીશભાઈ મોહનભાઈને કોર્ટમાંથી નોટીસ મળતા એડવોકેટ મારફત જવાબ રજૂ કર્યા હતા. દાવો ચાલતા પ્રતિવાદીના વકીલે દલીલ કરી હતી કે, વર્ષ ૨૦૦૪માં પ્રતિવાદી દ્વારા અવેજ ચૂકવી મકાનનો વેચાણ દસ્તાવેજ કરાયો હતો.વાદીએ કાયમી મનાઈ હુકમ, કબજો મેળવવા તથા ઘરનું પાર્ટીશન કરી આપવા દાદો માગેલ છે. પ્રતિવાદી તરીકે આરતીબેન અને અશોકભાઈ દેવશંકરભાઈ પુરોહિતને જોડેલ છે. પ્રતિવાદીએ દાવો રદ કરવાની અરજી કરેલ છે. સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ કરવા રજુઆત કરેલી. જે ધ્યાને લઈ જસદણ સિવિલ કોર્ટે દાવો રદ કરવા હુકમ કર્યો છે. આ કેસમાં વાદીઓ વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, કેવીન ભંડેરી, તેમજ આસીસ્ટન્ટ તરીકે વનરાજ બાવળીયા અને હેમંત શીર, અભય ચાવડા ધાર્મિક મકવાણા રોકાયેલા હતા.

# ધી કરૂર વૈશ્ય બેંક લી. દ્વારા રિઝર્વ બેંકની ગાઈડલાઈનનું ઉલ્લંઘન

## લોન પ્રોસેસીંગ ચાર્જની ઉધારવામાં આવેલ રકમ ગેરકાયદેસર ઠેરવતી સ્મોલ કોઝ કોર્ટ

રાજકોટઃ હાઈટેક સીરામીક ઈન્ડ.ના નામે વર્ષોથી સીરામીકને લગતી આઈટમના ઉત્પાદનને લગતો વેપાર-ધંધો કરે છે. વાદીને તેમના વેપાર ધંધા માટે નાણાની જરૂરીયાત હોવાથી તેઓએ પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી., રાજકોટ પાસેથી લોન મેળવવા માટે માટે અરજી કરેલ હતી. સદરહું અરજીના અનુસંધાને પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી., રાજકોટ દ્વારા અલગ અલગ પ્રકારની લોન મંજુર કરવામાં આવેલ હતી.જે લોન પૈકી વાદીએ રૂા.૭૪,૪૦,૦૦૦ અંકે રૂપિયા ચીમેતેર લાખ પચાસ હજાર પુરાની લોનનો ઉપયોગ કરેલ હતો તથા પ્રતિવાદી દ્વારા જે એસ.ઓ.ડી સેકશન કરેલ હતી. તેનો વાદીએ જરૂરીયાત મુજબ ઉપયોગ કરેલ હતો. સદરહું લોનના હપ્તા વાદી નિયમીત રીતે ભરપાઈ કરી આપતા હતા. ત્યારબાદ વાદીએ પ્રતિવાદી પાસેથી જે લોન લીધેલ હતી તે સૂવર્ણ લોન વાદીએ ભરપાઈ કરી આપેલી. જે સંબંધે પ્રતિવાદી બેંક દ્વારા વાદીને એન.ઓ.સી. પણ આપવામાં આવેલ છે.ત્યારબાદ વાદીએ કોઈપણ પ્રકારની લોન આ કામના પ્રતિવાદી પાસેથી મેળવેલ નથી. પરંતુ, પ્રતિવાદી દ્વારા વાદીના ખાતામાંથી વાદીની કોઈપણ પ્રકારની પરવાનગી મેળવ્યા વગર તથા વાદીની જાણ બહાર અલગ અલગ પ્રકારના ખોટા ચાર્જીસ લગાડી કુલ રકમ રૂા.૩,૬૧,૯૭૬ અંકે રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર નવસો છોતેર પુરા ગેરકાયદેસર રીતે ઉધારવામાં આવેલ. સદરહું કાનુની નોટીસનો પ્રતિવાદી દ્વારા ખોટી અને બનાવટી હકીકતો વાળો જવાબ પાઠવવામાં આવેલ.જેથી વાદીએ ચીફ સ્મોલ કોઝ કોર્ટ જજની કોર્ટમાં આ દાવો દાખલ કરેલ. ત્યારબાદ વાદી તરફે તેમના પુરાવા દરમ્યાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન રજુ કરવામાં આવેલ. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, બેંક દ્વારા જે કોઈ લોન પ્રોસેસીંગ ચાર્જીસ વસુલવામાં આવનાર હોય તેવા તમામ ચાર્જીસની ચોકકસ રકમનો ઉલ્લેખ લોન એપ્લીકેશન ફોર્મમાં કરવો ફરજીયાત છે.પરંતુ હાલના આ કેસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન વિરૂધ્ધ જઈ બેંક દ્વારા ગેરકાયદેસર રીતે પ્રોસેસીંગ ચાર્જીસ વસુલ કરેલ. સ્મોલ કોઝ કોર્ટ દ્વારા રૂા.૩,૬૧,૯૭૬ અંકે રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર નવસો છોતેર પુરા વાર્ષિક ૦૬%ના વ્યાજ સહીત દાવો દાખલ થયા તારીખથી વાદીને પરત ચુકવવાનો પ્રતિવાદી ધી કરૂર વૈશ્ય બેંક લી. વિરૂધ્ધ મહત્વનો હુકમ કરેલ છે. આ કામમાં વાદી મે. હાઈટેક સીરામીક ઈન્ડસ્ટ્રીઝ તરફે રાજકોટના વિદ્વાન ધારાશાસ્ત્રી સંદીપ જોષી, શૈલેન્દ્રસિંહ જાડેજા, કેતન જેઠવા, શુભમ જોષી, દેવેન્દ્રસિંહ જાડેજા, ધારા પંડીત તથા કૃપા બદિયાણી રોકાયેલા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ઈરાન ઈઝરાઈલ વચ્ચે તંગદિલી

ઇઝરાઇલ અને ઈરાન વચ્ચે તનાવ વધી રહયો છે બંને વચ્ચે ક્યારે યુદ્ધ ફાટી નીકળે તે કહી શકાય તેમ નથી ઇઝરાઇલ એરિયામાં ઈરાનના દુખાવાસ પર મિસાઈલ થી હુમલો કર્યો હતો જેમાં ઈરાનના બે જનરલ સહિત આઠ લોકોના મોત થતા ઈરાન હવે વળતો પ્રહાર કરવા માટે સજ્જત થયું છે ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે સોમવારે બેઠક યોજી અને ઇઝરાઇલ પર જવાબી હુમલા કરવાનો પ્લાન ઘડવામાં આવ્યો છે ઈરાને પણ વળતા હુમલા ની તૈયારી શરૂ કરી દીધી છે અને બદલો લેવાની ધમકી આપતા પરિસ્થિતિ ભયંકર રીતે વણસી રહી છે

આ હુમલામાં માર્યા ગયેલા ઇરાન ના જનરલે હિજબુલ્લા અમાસ અને ઉર્થી જેવા આતંકી સંગઠનોને ઇઝરાઇલ સામે લડવામાં બહુ મદદ કરી હતી.

ગાઝામાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ઈરાન સમગ્ર મધ્ય પૂર્વમાં જે ભૂમિકા ભજવે છે તેના તરફ વિશ્વનું ધ્યાન આકર્ષાયું છે. ઇઝરાયલ-ગાઝા સંઘર્ષમાં ઈરાન હમાસને ટેકો આપે છે. તેણે ઇરાક, સીરિયા તથા પાકિસ્તાનમાં હુમલા કર્યા છે અને તેનાં શસ્ત્રોનો ઉપયોગ રશિયા દ્વારા યુક્રેન સામે કરવામાં આવી રહ્યો છે. લેબનોનમાંથી ઇઝરાયલ પર હુમલો, જોર્ડનમાં અમેરિકન દળો પર ડ્રોન હુમલો અને રાતા સમુદ્રમાંનાં પશ્ચિમી જહાજો પર યમનમાંથી હુમલો, જોકે, આ બધા મધ્ય પૂર્વમાંના કેટલાક હુમલાઓમાં પોતાની પ્રત્યક્ષ સંડોવણીનો ઈરાન સતત ઇનકાર કરતું રહ્યું છે, પરંતુ ઈરાન સમર્થિત જૂથોએ આ હુમલાઓની જવાબદારી લીધી છે.

સવાલ એ છે કે આ જૂથો કોણ છે અને આ સંઘર્ષોમાં ઈરાન કેટલી હદે સંડોવાયેલું છે. તે સૌ કોઈ જાણે છે આ સંઘર્ષોમાં તે વારંવાર સંકળાતું રહે છે.

ઈરાન તેની સીધી સંડોવણીનો સતત ઇનકાર કરતું હોવા છતાં તહેરાન ૪૫ વર્ષ પહેલાંની દેશની ક્રાંતિ પછી ચરમપંથી જૂથોને ટેકો આપતું રહ્યું છે. એ જૂથો ૧૯૮૦ના દાયકાની શરૂઆતથી દેશની રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચનાનો મહત્ત્વનો હિસ્સો બન્યાં છે.

ઈરાનની રાજધાની તહેરાનમાં લગભગ એક વર્ષથી બંધક બનાવવામાં આવેલા ૫૨ અમેરિકન રાજદ્વારી અધિકારીઓને મુક્ત કરાવવા માટે વૉશિંગ્ટનમાં જીમી કાર્ટર વહીવટી તંત્ર તલપાપડ હતું અને ઈરાનને શિક્ષા કરવી જોઈએ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડી દેવું જોઈએ તેવો મત પ્રવર્તતો હતો. તેને પગલે અમેરિકા અને પશ્ચિમના સાથી દેશો ઇરાકની તરફેણ કરવા લાગ્યા હતા. ઇરાકમાં એ વખતે, ૧૯૭૯થી ૨૦૦૩ સુધી સદ્દામ હુસૈનનું શાસન હતું. એ પછી ઇરાક અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું તથા તે ૧૯૮૦થી ૧૯૮૮ સુધી ચાલ્યું હતું. ઇરાક અને ઈરાન બન્ને યુદ્ધવિરામ માટે સહમત થવાની સાથે તેનો અંત આવ્યો હતો, પરંત બન્ને દેશોમાં મોટા પાયે ખુવારી થઈ હતી. લગભગ ૧૦ લાખ લોકો માર્યા ગયા હતા અથવા ઘવાયા હતા અને ઈરાનનું અર્થતંત્ર ખેદાનમેદાન થઈ ગયું હતું.

તેના પરિણામે ઈરાનના ટોચના અધિકારીઓમાં એવો વિચાર આકાર પામ્યો હતો કે તહેરાને બેલેસ્ટિક મિસાઇલ પ્રોગ્રામ અને પ્રોક્સી નેટવર્કના વિકાસ સહિતનાં વિવિધ માધ્યમો મારફ્ત ભવિષ્યમાં કોઈ પણ આક્રમણને ખાળવા સક્ષમ બનવું જરૂરી છે. એ પછી અમેરિકાના વડપણ હેઠળ અફઘાનિસ્તાન (૨૦૦૧) અને ઇરાક (૨૦૦૩) પર કરવામાં આવેલા આક્રમણ તેમજ સમગ્ર આરબ વિશ્વમાં ૨૦૧૧ પછી થયેલા વિવિધ બળવાને લીધે ઉપરોક્ત વિચાર દૃઢ બન્યો હતો.

# આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના



**ફ્રાઇડે ફોટો સ્ટોરી** - ચિરાગસિંહ પરમાર

વાસંતી વૈભવ : પાનખર પૂર્ણ થતા જ ઋતુઓના રાજા વસંતનું આગમન થાય છે. સદાબહાર વસંતનો અસલી વૈભવતો વનવગડામાં જોવા મળે છે. વાસંતી વાયરાથી નિશ્ચેતન વગડામાં જાણે નવો જ પ્રાણ ફૂંકાય છે. ફાગણનો પ્રારંભ થતા જ રંગબેરંગી ફૂલોથી ભરપૂર વૃક્ષો કોઈ નવોઢાએ શણગાર સજ્યો હોય એમ પ્રકૃતિને સોળે શણગાર સજી દે છે. ભાવનગર - તળાજા નેશનલ હાઈવે પર બોગનવેલ અને કરેણ પર આવેલા રંગબેરંગી પુષ્પો રુપી ખીલેલી વસંત જોતા જ કવિ શ્રી મનોજ ખંડેરિયાની રચના યાદ આવે...

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના.

# મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ

## હીટ-વેવ અને હાર્ટ એટેક-સ્ટ્રોકથી બચવા જાતે જ કાળજી લેવી રહી

કાળઝાળ ઉનાળો તપી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી આપણે અસહ્ય ગરમી અને બફારાનો અનુભવ કરી રહ્યા છીએ. આ સ્થિતિ હૃદય માટે કેવી અને કેટલી જોખમી છે એની થોડી વાત. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ત્રણસો જેટલા મૃત્યુ આ કારણે થયાના અહેવાલો પણ અખબારમાં છપાયા છે. સામાન્ય રીતે આપણી સમજ એવી છે કે શિયાળામાં અતિશય ઠંડીને કારણે લોહીનું વહન કરતી નળીઓ (બ્લડ વેસલ્સ) સંકોચાઈ જવાથી હાર્ટ એટેક આવતો હોય છે. આ જરાય ખોટી માહિતી નથી. પણ આને કારણે આપણને એક વિચાર એવો આવે કે તો પછી ઉનાળામાં તો આ બ્લડ વેસલ્સ પહોળી થતી હશે અને હૃદયને વધુ લોહી મળતું હશે ને!

શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ આ વિચાર તાર્કિક છે પણ સંપૂર્ણ સત્ય નથી. શું કામ? એ સરળ રીતે સમજીએ. માનવશરીર સામાન્ય સંજોગોમાં પોતાનું તાપમાન ૯૮.૬ ડિગ્રી ફેરનહીટ (એટલે કે ૩૭ ડિગ્રી સેલ્સિયસ) રાખવા સતત પ્રયત્ન કરતું હોય છે. આ આપણું નોર્મલ બોડી ટેમ્પરેચર છે. શરીરનું તાપમાન જ્યારે આ નોર્મલ રેન્જમાં હોય ત્યારે શરીરની તમામ ક્રિયાઓ એકસુત્રમાં બંધાઈને ચાલતી હોય. આવા વખતે હૃદય, ફેફસાં, કિડની વિગેરે સામાન્ય સ્થિતિમાં કાર્યરત હોય અને શરીરની ચયાપચય (એટલે કે મેટાબોલિઝમ) ની પ્રક્રિયા પણ એકદમ સામાન્ય હોય.

હવે વાત કરીએ હીટ-વેવનીપ..તો જ્યારે અચાનક બહારનું તાપમાન, તડકો અને બફારો ખૂબ વધે છે (એટલે કે વાતાવરણનું તાપમાન ૪૨ ડિગ્રીથી ઉપર જવા માંડે અને વાતાવરણમાં ભેજ એટલે કે હ્યુમિડીટીનું પ્રમાણ પણ બહુ વધારે હોય) ત્યારે માનવશરીર એને અનુરૂપ થવા અનેક રીતે વધારાની જહેમત ઉઠાવે છે. જેમ કે શરીરને ઠંડું રાખવાના ભાગરૂપે અતિશય પરસેવો વળેપ.હવે આ પરસેવો થવાને કારણે શરીરમાંથી પાણી ઓછું થાય અને એટલે ડીહાઇડ્રેશનની અસરો ઘટાડવા શરીર આપોઆપ ચામડી (સ્કિન) તરફ જતી બ્લડ વેસલ્સને પહોળી કરે જેથી વધારે પ્રમાણમાં લોહી સ્કિન સુધી પહોંચે. આપણે જાણીએ છીએ કે શુધ્ધ લોહી શરીરના દરેક અંગો સુધી પહોંચાડવાનું કામ આપણું હૃદય કરે છે, એટલે સ્વાભાવિક છે કે હૃદય પર વધુ લોડ આવવાને કારણે હૃદયના ધબકારા વધે.

સામાન્ય દિવસોમાં હૃદય જે કામ કરતું હોય એ કરવા માટે આવા ગરમી અને બફારાના દિવસોમાં બમણી મહેનત કરવી પડે. આ માટે વધારાના ઓક્સિજનની જરૂર પડે એટલે ફેફસાંએ પણ પોતાની ક્ષમતા વધારવી પડે. શરીરના તાપમાનને નિયંત્રિત રાખવા ચયાપચયની ક્રિયા પણ વધુ મહેનત સાથે હાથ ધરવી પડે એના પરિણામે હૃદય પર વધુ ને વધુ લોડ આવતો રહે. શરીર પોતાનું તાપમાન નીચું લાવવા રક્તવાહિનીઓને ફેલાવે જેને કારણે હૃદયના ધબકારાનો વેગ વધતો ચાલે. હૃદયના ધબકારા વધવાથી લોહીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ન પહોંચે અને એને કારણે બ્લડપ્રેશર અચાનક અસામાન્ય રીતે ઘટી જાય. આના શરૂઆતના લક્ષણોમાં અતિશય પરસેવો થવો, નબળાઈ લાગવી, માથાનો દુઃખાવો, નાડી (પલ્સ) તેજ થવી, ધબકારા વધતા અનુભવવા, ઉલ્ટી-ઉબકા આવવાપવિગેરે હોય છે.

**કરંટ ટોપિક**

આવું અનુભવાય ત્યારે જ ચેતી જવું બહુ જરૂરી હોય છે. યાદ રાખોપતમારું શરીર તમને આ બધા સિગ્નલ સતત આપતું જ હોય છે. પણ આપણા સ્વભાવમાં રહેલી બેદરકારી, નિષ્કાળજી, બેફિકરાઈ જ આપણને મુશ્કેલીમાં મૂકતા હોય છે. ઉપર જણાવેલ લક્ષણો અનુભવાયા પછી પણ આપણે તડકામાં કે ગરમી અને ભેજ મિશ્રિત વાતાવરણમાં રહીએ છીએ ત્યારે હૃદયની મર્યાદા આવી જવાથી શરીરને પૂરતું લોહી મળવાનું બંધ થવાથી વ્યક્તિને ચક્કર આવે છે અથવા ઘણીવાર અચાનક બેભાન થઈને પડે છે અમુક કિસ્સામાં (ખાસ તો હૃદયની કે બ્લડ પ્રેશરની જૂની બીમારી હોય, ૭૦ થી વધુની વય હોય અથવા કોઇ નાનું બાળક હોય) આવે વખતે હૃદય પોતાનાથી બનતા પૂરતા પ્રયત્નો કર્યા પછી હથિયાર હેઠા મૂકી દે છે, જેને આપણે હાર્ટ એટેક (SCA - Sudden Cardiac Arrest) તરીકે ઓળખીએ છીએ. અત્યારે બની રહેલા કેટલાક કમનસીબ કિસ્સાઓ આનું જ પરિણામ છે.

આવું ન થાય એ માટે શું કરી શકીએ?....

૧. મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ. શરીરની ફિઝિયોલોજી કુદરતી છે. એને આપણી તંદુરસ્તી, સ્વભાવ, નિયમિતતા વિગેરેથી થોડીઘણી કેળવી શકાતી હોય છે પણ એનો અર્થ એ નથી કે એ વિપરીત સંજોગોમાં પણ આપણને સાથ આપે જ. (આમ તો ઉપર દર્શાવેલી તમામ શારીરિક પ્રક્રિયા આપણને બચાવવા જ થઈ હોય છે, પરંતુ સમયસર ચેતી ન જવાને પરીણામે કમનસીબ અંજામ ભોગવવાનો આવે છે)

૨. જ્યારે જ્યારે આવા હીટ-વેવની શક્યતા હોય ત્યારે તડકામાં ખાસ તો સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધીના સમયગાળામાં બહાર નીકળવાનું ટાળવું. જરૂરી જ હોય તો બંધ વાહનમાં અથવા ટોપી/છત્રી/ચશ્મા/શરીર ઢાંકે એવા સુતરાઉ વસ્ત્રો સાથે નીકળવું. આવે વખતે સનસ્ક્રીનનો ઉપયોગ કરવો તથા પીવાનું પાણી સાથે રાખવું.

૩. આ સમગ્ર શારીરિક ઘટનાક્રમ સરવાળે તો શરીરમાંથી પાણી ઓછું થવાને કારણે થતો હોવાથી ખૂબ પાણી પીવાનું રાખવું (કિડનીના અને હૃદયરોગના દર્દીઓએ આ બાબતે પહેલા પોતાના ડોકટરની સલાહ લેવી). કોઈપણ સંજોગોમાં શરીરને hydrated રાખવું એ આ પરિસ્થિતિનો સામનો કરવાનો ઉત્તમ અને એકમાત્ર ઈલાજ છે એ યાદ રાખવું. આમ તો સાદું પાણી પૂરતું છે પણ શરીરને જરૂરી અમુક ીક્ષ્નીષ્ઠંક્ષ્નિીજ પણ પરસેવાસ્વરૂપે બહાર નીકળી જતા હોવાથી ફ્રૂટ જ્યુસ, લીંબુપાણી, નારિયેળપાણી, ડાઇલ્યુટ કરેલા સ્કવોશ, દૂધ, ચા કોફી (મર્યાદિત પ્રમાણમાં) લઈ શકાય.

૪. આવા સમયે આલ્કોહોલિક પીણાંઓથી દૂર રહેવું કારણ કે એ સરવાળે dehydration માટે જવાબદાર નીવડે છે.

૫. પ્રમાણમાં ઠંડો (વાસી નહીં હોં) ખોરાક લેવાનું રાખવું. ખાસ તો સલાડ અને ફ્રૂટ લેવા કેમ કે એમાં પાણીનું પ્રમાણ વધારે હોય અને સાથોસાથ શરીરને જરૂરી વિટામિન અને અન્ય પોષક દ્રવ્યો એમાંથી મળી રહેતા હોય છે.

જો હીટ સ્ટ્રોક અનુભવાય (અગાઉ ઉપર દર્શાવેલ લક્ષણો જણાય) તોપ

- તાત્કાલિક કોઈપણ શારીરિક શ્રમ ધરાવતી પ્રવૃત્તિ કરતા હો તો એ બંધ કરવી.

ઘરના, ઓફિસના કે અન્ય કોઈ સ્થળે હો તો ત્યાંના પ્રમાણમાં ઠંડો હોય એવા ભાગમાં શાંતિથી, જરાય ઉચાટ વગર બેસવું. એ.સી., કે પંખાનો ઉપયોગ કરવો. (કૂલરનો ઉપયોગ શક્ય હોય તો ટાળવો)

- બારીઓને પડદાથી ઢાંકવી.

- ઘરમાં લાઈટ વિગેરે ચાલુ હોય તો એને બંધ રાખવા.

- ઢીલાં, હળવાં, પરસેવો શોષી લે શકે એવા સુતરાઉ વસ્ત્રો પહેરવા.

# અમેરિકાની વિઝા લોટરીનું અવનવું

**ઈમીગ્રન્ટ વિઝા શું છે એને વિશે લોકો બહુ છું જાણે છે જે લોકોનું એક સપનું હોય છે કે અમેરિકા જવું પરંતુ અમેરિકા જવા માટે યોગ્યતા ધરાવતા ન હોય તો તેને માટે વિઝા લોટરી અમેરિકાએ શરૂ કરી હતી અમેરિકામાં વિઝા બુલેટિન નામનું એક સામાયિક પણ પ્રસિદ્ધ થાય છે વિઝા શું છે એની ઘણાને ખબર નથી પાસપોર્ટ શું છે એ પણ ઘણા લોકો જાણતા નથી ત્યારે વિઝા લોટરી વિશે જાણવું જરૂરી બની જાય છે**

પાસપોર્ટ અને વિઝા શબ્દો મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા શબ્દો છે પરંતુ બંને વચ્ચે શું તફાવત છે? તે તમને આ લેખ માં જાણવા મળશે. મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા બે શબ્દો છે 'પાસપોર્ટ' અને 'વિઝા'. તમારા દેશની બહાર મુસાફરી કરવા માટે, પાસપોર્ટ આવશ્યક દસ્તાવેજ છે. દર વર્ષે, દરેક દેશ તેના પાસપોર્ટને તેની શક્તિ અનુસાર રેન્કિંગ કરવામાં આવે છે. મૂળભૂત રીતે, ચોક્કસ પાસપોર્ટ પર મુસાફરી કરવા માટે તમારે કેટલા દેશોના વિઝા મેળવવાની જરૂર છે.

એચ-૧બી (H-1B) એ યુનાઈટેડ સ્ટેટ્સમાં એવો વિઝા છે જે ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ, સેક્શન ૧૦૧(એ)(૧૫)(એચ) (૧૦૧(a)(૧૫)(H)) હેઠળ નોન-ઈમિગ્રેશન છે. તે યુ.એસ. (.જી.)ના નોકરીદાતાઓને વિશેષતા ધરાવતા વ્યવસાયોમાં કામચલાઉ ધોરણે વિદેશી કામદારોની ભરતી કરવાની છૂટ આપે છે. જો એચ-૧બી (ૐ-૧ભ) દરજ્જાનો વિદેશી કર્મચારી કામ છોડે અથવા પ્રાયોજક નોકરીદાતા તેને છૂટો કરે તો કર્મચારીએ અન્ય નોન-ઈમિગ્રન્ટ દરજ્જા માટે અરજી કરીને તે દરજ્જો મેળવવો જ પડે અથવા અન્ય નોકરીદાતાની શોધ કરવી પડે (દરજ્જામાં ફેરફારની અરજી અને/અથવા વિઝામાં ફેરફારને આધિન), અથવા યુનાઈટેડ સ્ટેટ્સ છોડવું પડે.

આજની તારીખે મોટાભાગના લોકો એવું માને છે કે ધરતી પર જો કોઈ સ્વર્ગ હોય તો તે અમેરિકા છે અમેરિકા એક વાત થાય એ થયા એટલે સર્વ વાતે સુખી થઈ ગયા એમ લોકો માને છે આ માટે અમેરિકા લોકોનું એક સપનું બની ચૂક્યું છે એમાંય ગ્રીન કાર્ડ એટલે વાત પૂરી એકવાર ગ્રીન કાર્ડ મળી જાય તો જિંદગી નો જંગ જીતી જવાય.

અમેરિકાએ કેવો દેશ છે કે ત્યાં સ્થાયી થવાનું જગત ભરના લોકો વિચારે જ છે અમેરિકાની અંદર લાખો માણસો અન્ય દેશોમાંથી આવીને સ્થાયી થયા છે અને અમેરિકાના વિકાસની અંદર ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે ખાસ કરીને ભારતના લોકો અમેરિકામાં જઈને અમેરિકાને પ્રથમ સ્થાન પર જે કાર્યવાહી કરી છે જે પુરુષાર્થ કર્યો છે તેને અમેરિકન લોકો પણ સલામ કરે છે ભારતનો પટેલ પાવર અમેરિકાની અંદર સૂરજની જેમ ચમકે છે આવી જ રીતે સિલિકોન વેલી પણ ભારત થકી ઉજળી છે ભારતના લોકો અને કારણે અમેરિકાના વિકાસને ચાર ચાંદ લાગ્યો છે આ વસ્તુ અમેરિકાની અંદર આવેલા અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપ્રમુખો બરાબર જાણે છે અને અમેરિકાએ વિઝા લોટરી પણ શરૂ કરી હતી. લોટરી એટલે એક પ્રકારનો જુગાર ગણી શકાય જેને સરકારે પણ પ્રોત્સાહન આપ્યું છે ભારતના ઘણા રાજ્યોએ લોટરી શરૂ કરી છે ખાનગી કંપનીઓ લોટરી શરૂ કરે એ વાત તો સમજી શકાય પણ સરકાર પોતે જો લોટરી શરૂ કરે તો તે જુગારને ઉત્તેજન આપ્યું છે તેમ ન કહી શકાય?

મહારાષ્ટ્ર સરકારે ૧૨ એપ્રિલ, ૧૯૬૯માં લોટરી શરૂ કરી. એક રૂપિયો આપો અને લોટરીની ટિકિટ ખરીદો. તમારી ટિકિટનો જે નંબર હોય એ નંબર લોટરીમાં ખેંચાય તો તમને એક રૂપિયાના બદલામાં એક લાખ રૂપિયા મહારાષ્ટ્ર સરકાર આપશે. તમે લખપતિ બની જશો. એ સમયે એક લાખ રૂપિયાની કિંમત એક કરોડ રૂપિયા જેટલી હતી. ભારતની જેમ અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ લોટરી ના રવાડે ચડી ચૂક્યા છે અમેરિકાએ પણ વર્ષ ૧૯૯૦માં લોટરી કાઢી. એમની લોટરીમાં પૈસા આપીને કોઈ ટિકિટ ખરીદવાની નથી. લોટરીનો નંબર નસીબવંત નીવડે તો એ ધરાવનારને અમેરિકાની સરકાર લાખ કે એથી વધુ ડોલર આપતી નથી. અમેરિકાએ વર્ષ ૧૯૯૦માં આ જે લોટરી શરૂ કરી છે એ વિશ્વના જુદા જુદા દેશોના લોકો, જેઓ અમેરિકા આવવા ઈચ્છતા હોય, અમેરિકન સ્વપ્નું સેવતા હોય, પણ એમનું કોઈ સગુંવહાલું અમેરિકામાં રહેતું ન હોય, એમની એવી કોઈ લાયકાત ન હોય કે જેથી તેઓ અમેરિકાની ચાર 'ફૅમિલી પ્રેફરન્સ કેટેગરી' કે 'ઍમ્પ્લૉયમૅન્ટ બેઝ્ડ કેટેગરી' હેઠળ ગ્રીનકાર્ડ મેળવી શકે છે, એમના દેશમાં અંધાધૂંધી ન હોય, અરાજકતા ન હોય, જેથી તેઓ અમેરિકામાં રાજકીય આશરો માગી શકે, તેઓ અમેરિકાની મિલિટરીમાં જોડાઈને ગ્રીનકાર્ડ પ્રાપ્ત કરવા ઈચ્છતા ન હોય. આવા લોકો અમેરિકા કાયમ માટે આવી શકે એ માટે અમેરિકાની સરકારે વર્ષ ૧૯૯૦માં 'વિઝા-લોટરી' કાઢી, એને તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહે છે, એટલે કે વિભિન્નતા ધરાવતા ઈમિગ્રન્ટો. જે દેશમાંથી છેલ્લાં પાંચ વર્ષમાં વધુ દેશવાસીઓ અમેરિકામાં સ્થળાંતર કરીને ગયા હોય એ દેશના લોકોને આ ડાઈવર્સિટી વિઝામાં ભાગ લેવા નથી મળતો. આ વિઝા- લોટરીનો ઉદ્દેશ જ એ છે કે જે દેશના લોકો ઈમિગ્રન્ટ વિઝા મેળવી નથી શકતા એમને અમેરિકામાં કાયમ રહેવા માટે આ વિઝા- લોટરી દાખલ કરવામાં આવી છે.

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

અમેરિકામાં દર વર્ષે લાખો લોકો ગેરકાનું ની રીતે અમેરિકામાં પ્રવેશે જ છે અને પકડાઈ ત્યારે મોટી સજા ને પાત્ર બને છે દર વર્ષે અમેરિકાની સરકાર ૫૫,૦૦૦ ઈમિગ્રન્ટ વિઝા, જે લોકો વિઝા-લોટરીમાં વિજેતા બને છે એમને આપે છે. આ માટે એમણે એક કાગળ ઉપર અરજી કરવાની રહે છે, જેમાં એમનું નામ, જન્મતારીખ, રહેઠાણ અને એમના વિશેની અન્ય વિગતો, જન્મ ક્યાં થયો છે એ દેશનું નામ, લગ્ન કર્યાં હોય તો એમની પત્ની યા પતિ કયા દેશના નાગરિક છે, એમણે કયા દેશમાં જન્મ લીધો હતો આ સર્વે જણાવવાનું રહે છે. આવી અરજીઓ ક્યારે કરવાની, કેટલા સમય સુધીમાં કરવાની, ક્યાં કરવાની, કેવી રીતે કરવાની એની જાણકારી અમેરિકાનું ઈમિગ્રેશન ખાતું જે દર મહિને 'વિઝા બુલેટિન' બહાર પાડે છે એમાં જણાવે છે. અરજી માટે ફી આપવાની નથી હોતી. લોટરી સિસ્ટમ દ્વારા એ અરજીઓનો ડ્રો કરવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને જાણ કરવામાં આવે છે. ત્યાર બાદ એ વિજેતા બનેલા લોકોએ ઈમિગ્રન્ટ વિઝા માટે જે પગલાંઓ લેવાનાં હોય છે એ લેવાં પડે છે. આફ્રિકા, એશિયા, યુરોપ, નોર્થ અમેરિકા, સાઉથ અમેરિકા મેક્સિકો, સેન્ટ્રલ અમેરિકા, આ દેશોના નાગરિકોને વિઝા- લોટરીમાં ભાગ લેવાની પરવાનગી નથી. આમાં ભારતનો પણ સમાવેશ થઈ જાય છે. જો આ દેશોમાંના, ભારતમાંના પણ, કોઈએ એવા દેશમાં જન્મ લીધો હોય, જે દેશના લોકો વિઝા-લોટરીમાં ભાગ લેવા માટે કાયદેસર કાબેલ હોય અથવા જેમણે એવા લોકો જોડે લગ્ન કર્યાં હોય, જે વ્યક્તિનો જન્મ એવા દેશમાં થયો હોય, જે દેશના નાગરિકો વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે એમ હોય તેઓ એમના જન્મસ્થળના કારણે યા લગ્નના કારણે વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે છે. વિજેતા બનતાં એમને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને અને એમની સાથે-સાથે એમની પત્ની યા પતિ અને એકવીસ વર્ષથી નીચેની વયના અવિવાહિત સંતાનોને પણ ગ્રીનકાર્ડ આ વિઝા-લોટરી હેઠળ આપવામાં આવે છે. તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહેવાય છે. અમેરિકા જવાનું સપનું સાકાર કરવા માટે વિઝા મેળવવા જરૂરી છે તેને માટે યોગ્યતા પ્રાપ્ત કરો પૈસા પ્રાપ્ત કરો અને અમેરિકામાં જવાનું સપનું સાકાર કરો.



# ૮મીએ ૪ કલાક ૨૫ મિનિટનું સૂર્યગ્રહણ દિવસભર અંધકાર છવાયેલો રહેશે


નવીદિલ્હી,
વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળીના દિવસે થયું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪નું પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવારના રોજ થવાનું છે. ધર્મ અને જ્યોતિષમાં સૂર્યગ્રહણને લગતી ઘણી માન્યતાઓ છે, પરંતુ વિજ્ઞાનમાં તેને ખગોળીય ઘટના કહેવામાં આવે છે જેના વિશે લોકો હંમેશા ઉત્સાહિત રહે છે. વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ઘણી રીતે ખાસ રહેવાનું છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ સૂર્યગ્રહણ કુલ ૪ કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલશે, જે ૫૦ વર્ષમાં સૌથી લાંબો સમયગાળો હશે. આ ગ્રહણ સંપૂર્ણ સૂર્યગ્રહણ હશે. જો કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પરંતુ અમેરિકામાં સ્પષ્ટપણે જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ માટે અમેરિકામાં પણ ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણ ૮ એપ્રિલે રાત્રે ૯:૧૨ વાગ્યે શરૂ થશે અને ૧:૨૫ વાગ્યે સમાપ્ત થશે. અમેરિકાના સમય અનુસાર આ ગ્રહણ બપોરે ૨:૧૫ વાગ્યે શરૂ થશે. કુલ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૪ કલાક ૨૫ મિનિટનો રહેશે, જેમાંથી લગભગ ૮ મિનિટ સુધી સમગ્ર પૃથ્વી અંધારામાં છવાયેલી રહેશે. જો કે તે ભારતમાં દેખાશે નહીં, આ સૂર્યગ્રહણ ઘણા દેશોમાં જોઈ શકાશે પરંતુ અમેરિકાના ઉત્તરીય ભાગમાં આ સૂર્યગ્રહણ સ્પષ્ટપણે જોઈ શકાશે. ગ્રહણ દરમિયાન અમેરિકામાં પણ ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ૮ એપ્રિલે અમેરિકાના ઘણા રાજ્યોમાં શાળાઓ પણ બંધ રહેશે. ત્યાંના નાગરિકોને ગ્રહણ દરમિયાન ઘરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું છે જેથી તેઓ સૂર્યના હાનિકારક કિરણોથી સુરક્ષિત રહી શકે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'નું ધમાકેદાર પોસ્ટર રિલીઝ




મુંબઈ,
જે ફિલ્મની ચાહકો પાર્ટ ૧ રિલીઝ થયા ત્યારથી રાહ જોઈ રહ્યા હતા. તેના માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ટુંક સમયમાં જ પુષ્પા-૨ ફિલ્મ રિલીઝ થશે એ પહેલા તમને જણાવી દઈએ કે, હાલમાં આ ફિલ્મનું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે.મેકર્સ દ્વારા શેર કરાયેલા પોસ્ટરમાં ચારેબાજુ સિંદુર જોવા મળી રહ્યું છે. આ સિંદુરની આસ-પાસ દીવા પણ જોવા મળી રહ્યા છે તેમજ પગમાં ઝાંઝર બાંધો કોઈ ડાન્સ કરી રહ્યું છે. પુષ્પા ફિલ્મે સારી એવી કમાણી કરી હતી. આ ફિલ્મના ડાયલોગ પણ સૌને ખુબ પસંદ આવ્યા હતા. ચાહકોનું માનવું છે કે, આ પગ અલ્લુ અર્જુનના છે. આ પહેલા મેકર્સે એક પોસ્ટર શેર કર્યું હતુ. આ પોસ્ટરમાં અલ્લુ અર્જુનનો હાથ જોવા મળી રહ્યો હતો. ફિલ્મનું ટીઝર ૮ એપ્રિલના રોજ રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે, મેકર્સે આ ફિલ્મની પહેલી ઝલક શેર કરવા માટે ૮ એપ્રિલનો દિવસ પસંદ કર્યો છે. કારણ કે, આ દિવસે સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો જન્મદિવસ પણ છે.

# વેનેઝુએલાના રહેવાસી વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનું ૧૧૪ વર્ષની વયે નિધન



વેનેઝુએલા,
વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિએ દુનિયાને અલવિદા કહી દીધુ છે. આ વ્યક્તિનું નામ જુઆન વિસેન્ટ પેરેઝ મોરા હતું અને તેમની ઉંમર ૧૧૪ વર્ષ હતી. જુઆન વિસેન્ટ પેરેઝ મોરા વેનેઝુએલાના રહેવાસી હતા. ફેબ્રુઆરી ૨૦૨૨ માં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સે તેમને સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કર્યા હતા. તે સમયે તેમની ઉંમર ૧૧૨ વર્ષ ૨૫૩ દિવસ હતી. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જુઆનના મોતની જાણકારી આપી હતી. જુઆનનો જન્મ ૨૭ મે ૧૯૦૯ના રોજ થયો હતો. તેમના ૧૧ પુત્રો, ૪૧ દોહિત્રી, ૧૮ પૌત્ર-પૌત્રીઓ અને ૧૨ ગ્રેટ-ગ્રેટ ગ્રાન્ડ ચિલ્ડ્રન છે. ગિનિસના અહેવાલ પ્રમાણે જુઆન વ્યવસાયે એક ખેડૂત હતા. તેમણે જણાવ્યું હતું કે, તેમની લાંબી ઉંમરનું રહસ્ય સખત મહેનત, સમય પર આરામ કરવો અને દરરોજ શેરડીમાંથી બનેલો એક ગ્લાસ દારૂ છે. ૫ વર્ષની ઉંમરે જ જુઆને પોતાના પિતા અને ભાઈઓ સાથે ખેતરમાં કામ કરવાનું શરૂ કરી દીધુ હતું. તેઓ શેરડી અને કોફીની ખેતીમાં મદદ તેમને કરતા હતા. ત્યારબાદ તેઓ શેરિફ (લોકલ પોલીસ અધિકારી) બન્યા અને તેમના વિસ્તારમાં જમીન સંબંધિત મુદ્દાઓ ઉકેલવા લાગ્યા.

# સલમાન મામુનું વલણ અને ઊર્જા અદ્ભુત છે : અલીઝેહ અગ્નિહોત્રી



મુંબઈ,
ફિલ્મ 'ફરે'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર અલીઝેહ અગ્નિહોત્રી સલમાન ખાનની ભત્રીજી છે. તે સલમાનની બહેન અલવીરા ખાન-અગ્નિહોત્રી અને અભિનેતા અતુલ અગ્નિહોત્રીની મોટી પુત્રી છે. તાજેતરમાં, સલમાન ખાન અને અલીઝેહ બંનેએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ચાહકો સાથે એક સારા સમાચાર શેર કર્યા છે. તેણે કહ્યું હતું કે ટૂંક સમયમાં જ અલીઝેહની ફિલ્મ 'ફરે' પ્લેટફોર્મ ઢીપ પર રિલીઝ થવાની છે. અલીઝેહે તેના મામા સલમાન ખાનની પ્રશંસા કરી, જેમણે તેને દરેક પગલા પર સાથ આપ્યો. અલીઝેહે કહ્યું, "સલમાન મામુનું વલણ અને તેની ઉર્જા અદ્ભુત છે. તે આટલો મોટો સ્ટાર છે. પરંતુ તે ક્યારેય પોતાને આ વાતનો અહેસાસ થવા દેતો નથી. તેને ખુદને પણ યાદ નથી કે તે દુનિયાનો સુપરસ્ટાર છે. તે હંમેશા સામાન્ય વ્યક્તિની જેમ વર્તે છે. તેની ઉર્જા જોઈને આપણે બધા દંગ રહી જઈએ છીએ. હું પણ તેની ઉર્જા સામે થાકી જાઉં છું. તે હજુ પણ નાના છોકરાની જેમ વર્તે છે. જે રીતે તે પોતાનું કામ કરે છે, માત્ર મને જ નહીં પરંતુ દરેકે તેની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. અલીઝેહે વધુમાં કહ્યું, "કેટલીકવાર તમે લોકો જે કહે છે તેના કરતાં તમે જે જુઓ છો તેનાથી વધુ શીખો છો. હું પણ સલમાન મામુને જોઈને ઘણી બાબતો શીખી છું. પણ આજ સુધી હું તેની ઉર્જા મેળવી શક્યો નથી. મારે મારા કામમાં પણ એ ઉર્જા લાવવાની છે.

# ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની બાળકી સાથે લગ્ન કર્યા : પોલીસ પણ હાજર રહી

ઘાના,
ધર્મને લઈને ગમે તેટલી થિયરી આપવામાં આવે. પરંતુ તેની સાચી વ્યાખ્યા શું છે? વિદ્વાનોમાં કે બૌદ્ધિકોમાં કહેવું જોઈએ કે આ અંગે ઊંડો વિરોધાભાસ છે. આજે પણ આપણી વચ્ચે એવા ઘણા લોકો છે જેઓ પોતાના અંગત ફાયદા માટે ધર્મનો ઉપયોગ કરે છે. આ લોકો કેવી રીતે નિર્દોષ લોકોને છેતરવાનો ઢોંગ કરે છે? ઘાનામાં થયેલા લગ્નને જોઈને આ વાતનો ખ્યાલ આવી શકે છે, જેમાં ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો અને પોલીસને બોલાવવાની સ્થિતિ પણ આવી હતી.

તમને જણાવી દઈએ કે, ઘાનાના નુગુઆમાં ૬૩ વર્ષીય પાદરી ગબોર્બુ વુલોમો નુઉમો બોરકેટે લાવેએના ઓક્રોમો નામની ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યા હોવાના અહેવાલ છે. એક મહેમાન જે આ લગ્નની તરફેણમાં હતો. કહ્યું કે, આ લગ્ન લાંબા સમયથી ચાલતા રિવાજને કારણે થયા છે. જેમાં કહેવાય છે કે પાદરીકુંવારી યુવતી સાથે લગ્ન કરશે.

તેમણે ખુલાસો કર્યો કે હાલમાં નુગુઆમાં નવ વર્ષથી વધુ ઉંમરની કોઈ કુંવારી છોકરી નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પાદરીએ છોકરીને લગ્ન માટે પસંદ કરી હતી જ્યારે તે માત્ર ૬ વર્ષની હતી. ઘાનાના પલ્સ અહેવાલ આપે છે કે છોકરી હવે શુદ્ધિકરણ પર કેન્દ્રિત અન્ય પરંપરાગત સમારોહમાં ભાગ લેશે. રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 'એવું માનવામાં આવે છે કે આ ધાર્મિક વિધિ પછી, છોકરી ગ્બોર્બુ વુલોમોની પત્ની તરીકે તેની અપેક્ષિત જવાબદારીઓને યોગ્ય રીતે નિભાવશે. રસપ્રદ વાત એ છે કે આમાં બાળકો હોવાનો પણ સમાવેશ થાય છે. ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યાના આ સમાચારે વિવાદ સર્જ્યો છે

# ભૂલ ભૂલૈયા ૩'માં માધુરી દીક્ષિતની એન્ટ્રી કન્ફર્મ, ફિલ્મમાં ભૂત બનશે ?



મુંબઈ,
કાર્તિક આર્યન તેના અપકમિંગ પ્રોજેક્ટને લઈને ચર્ચામાં રહે છે. તેના ખાતામાં ઘણી ફિલ્મો છે. મોટા મોટા ડાયરેક્ટર્સ તેની સાથે ફિલ્મ બનાવવા માંગે છે. હાલમાં જ તેને વિશાલ ભારદ્વાજની ફિલ્મ સાઈન કરી. તેમાં તે ગેંગસ્ટર હુસૈન ઉસ્તરાના રોલમાં જોવા મળવાનો છે. ફિલ્મને લઈને વધુ જાણકારી સામે આવી નથી. પરંતુ આ ફિલ્મ આવતા વર્ષે થિયેટરોમાં રિલીઝ થશે. અત્યારે તે 'ભૂલ ભુલૈયા ૩'ના શૂટિંગમાં બિઝી છે. થોડા દિવસ પહેલા ફર્સ્ટ શેડ્યુલ પૂર્ણ થયું છે. ૧ લી એપ્રિલે કાર્તિક આર્યને જર્મની વેકેશનથી પરથી પરત ફરીને કામ શરુ કર્યું છે.

પહેલા શેડ્યુલમાં કાર્તિક આર્યનની સાથે તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન પણ જોવા મળશે. બંને એક્ટરની સાથે મળીને ઘણાં ભાગની શૂટિંગ પૂરું કર્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ એવું જાણવા મળ્યું છે કે મુંબઈ સિવાય અન્ય ઘણી જગ્યાએ શૂટિંગ થશે. આ ફિલ્મમાં તેમની સાથે વધુ એક એક્ટ્રેસ જોડાવવાની છે, જે છે માધુરી દીક્ષિત. વિદ્યા બાલન અને કાર્તિક આર્યન મળીને 'ભૂલ ભુલૈયા ૩'માં ખૂબ ધૂમ મચાવવાના છે.

# પેપ્સિકો કંપની ભારતના મધ્યપ્રદેશમાં બીજી ઉત્પાદન સુવિધા ઉભી કરશે

## પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે કંપની

મધ્યપ્રદેશ,
પેપ્સિકો કંપની ભારતમાં તેની વિસ્તરણની યોજના બનાવી રહી છે. ત્યારે તેના ભાગરૂપે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં ફ્લેવર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે રૂ. ૧,૨૬૬ કરોડનું રોકાણ કરશે. કંપનીના નિવેદન અનુસાર, ૨૨ એકરમાં ફેલાયેલો આ પ્લાન્ટ ભારતમાં પેપ્સિકોના પીણા ઉત્પાદનમાં વધારો કરવા માટે સ્થાપવામાં આવી રહ્યો છે. જેનાથી વધારે રોજગારીનું સર્જન કરવામાં અને સ્થાનિક અર્થતંત્ર પર સકારાત્મક અસર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જેની કામગીરી થોડા સમયમાં જ શરૂ કરવામાં આવશે. એક અમેરિકન બહુરાષ્ટ્રીય ખાદ્ય, સ્નેકસ અને પીણાની કંપની છે પેપ્સીકો ભારતમાં તેનો મોટા પાયે પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે. તેના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જાગ્રત કોટેચાએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ સરકારના સમર્થનથી, અમે આ પ્રદેશના સામાજિક-આર્થિક લેન્ડસ્કેપને વધારવામાં પ્રભાવશાળી પ્રગતિ કરીને અમારી પહોંચને વિસ્તારવાનું લક્ષ્ય રાખીએ છીએ. PepsiCo India સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ બેવરેજિસ જ્યોર્જ કોવૂરે જણાવ્યું હતું કે નવું યુનિટ ભારતમાં કંપનીનું બીજું ઉત્પાદન સુવિધા હશે.કંપની પાસે હાલમાં પંજાબના ચન્નો ખાતે એક (ફ્લેવર) ઉત્પાદન સુવિધા છે. અગ્રણી બેવરેજ અને ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપની પેપ્સિકોએ આજે ??જણાવ્યું હતું કે તે આસામના નલબારીમાં તેનો પ્રથમ ખાદ્ય ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૭૭૮ કરોડનું રોકાણ કરશે. પેપ્સિકોના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૪૪.૨ એકરમાં ફેલાયેલા આ પ્લાન્ટને ૨૦૨૫ માં શરૂ કરવાની દરખાસ્ત છે અને તેનો ઉદ્દેશ્ય આસામના ૫૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો પૂરી પાડવાનો છે. પેપ્સિકો ઈન્ડિયાએ આસામ કૌશલ્ય વિકાસ મિશન અને રોજગાર અને કારીગરો તાલીમ નિદેશાલય સાથે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા અને ક્ષેત્રમાં મહિલાઓની રોજગાર ક્ષમતા વધારવા માટે સલામત અને સહાયક કાર્ય વાતાવરણ બનાવવા માટે ત્રિપક્ષીય એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. કંપનીનો લક્ષ?યાંક ઓછામાં ઓછો ૭૫ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ કરવાનો છે.

# અભિજીત ભટ્ટાચાર્યએ બોલિવૂડની ટીકા કરી કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કોઈ દેશભક્ત નથી

મુંબઈ,
અભીજીત ૯૦ના દાયકાના પ્રખ્યાત ગાયક હતા. તેણે પોતાની કારકિર્દીમાં ઘણા સુપરસ્ટાર્સ માટે ગીતો ગાયા છે. તેણે શાહરૂખ માટે ઘણા ગીતોમાં પોતાનો અવાજ આપ્યો, જે લોકોને ખૂબ પસંદ આવ્યા. સિંગિંગ સિવાય તે ઘણા સિંગિંગ રિયાલિટી શોમાં જજ તરીકે પણ જોવા મળી ચૂકી છે.

પોતાની ગાયકીથી લોકોના દિલ પર રાજ કરનાર અભિજીત ભટ્ટાચાર્ય ઘણીવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં આવે છે. એક ઈન્ટરવ્યુમાં પાકિસ્તાની ગાયકોને પ્રમોટ કરવા બદલ સલમાન ખાનની ટીકા કરનાર સિંગર પોતાના નવા નિવેદનના કારણે ચર્ચામાં આવી ગયો છે. તાજેતરની વાતચીત દરમિયાન, ગાયકે કહ્યું કે બોલિવૂડમાં એક પણ અભિનેતા સાચો રાષ્ટ્રવાદી કે દેશભક્ત નથી. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બેવડા ધોરણો છે. તે જ સમયે, તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે એક સાચા દેશભક્ત હોવાને કારણે તેમને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

ગાયકે કહ્યું કે તે એક સાચો રાષ્ટ્રવાદી હોવાને કારણે તેને સહન કરવું પડ્યું. તેણે કહ્યું કે આજકાલ લોકો આવો ઢોંગ કરે છે. એક કપલ પર નિશાન સાધતા ગાયકે કહ્યું કે પતિ સોશિયલ મીડિયા પર એક વાતનો પ્રચાર કરે છે, જ્યારે તેની પત્ની, જે રાજકારણમાં સક્રિય છે, તે કંઈક બીજું કહે છે.

# મયંક યાદવે નોર્ટજે-ઉમરાનનો રેકોર્ડ તોડ્યો સિઝનનો સૌથી ઝડપી બોલ પણ ફેંક્યો

## બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકયો



બેંગ્લુરૂ
ભારત અને લખનૌ સુપર જાયન્ટ્સનો નવો ફાસ્ટ બોલિંગ સેન્સેશન મયંક યાદવ સતત એક પછી એક રેકોર્ડ બનાવી રહ્યો છે. લખનૌની પંજાબ કિંગ્સની જીત બાદ તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને સતત બે મેચમાં તે પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. જ્યારે મંગળવારે મયંકે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે ચાર ઓવરમાં માત્ર ૧૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી, જેના કારણે તેની ટીમ ૨૮ રનથી મેચ જીતવામાં સફળ રહી હતી. જ્યારે તે પહેલા પંજાબ કિંગ્સ સામે તેણે ચાર ઓવરમાં ૨૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

આરસીબી સામેની મેચમાં મયંકે આ સિઝનનો સૌથી ઝડપી બોલ ફેંક્યો હતો. તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો. વાસ્તવમાં પંજાબ સામેની મેચમાં મયંકે ૧૫૫.૮ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. તે જ સમયે, બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકીને પોતાનો રેકોર્ડ સુધાર્યો. આ સિઝનમાં આ અત્યાર સુધીનો સૌથી ઝડપી બોલ છે.

# મનોજ બાજપેયી સિનેમાને સમાજમાં પરિવર્તનનું માધ્યમ માને છે



મુંબઈ,
સિનેમાને સમાજનો દર્પણ કહેવામાં આવે છે. લોકો વારંવાર કહે છે કે ફિલ્મો સમાજનું પ્રતિબિંબ છે. અભિનેતા મનોજ બાજપેયીએ પણ તાજેતરમાં આ જ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. શું સિનેમા સમાજમાં પરિવર્તન લાવી શકે છે? આ અંગે મનોજ બાજપેયીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. મનોજ બાજપેયી કહે છે કે સિનેમાએ સમાજમાં ક્રાંતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરમાં, તેની ફિલ્મ 'સાઈલેન્સ ૨' ના ટ્રેલર લોન્ચ પ્રસંગે, અભિનેતાએ જણાવ્યું હતું કે સિનેમા લોકોને કેવી રીતે અસર કરે છે? મનોજ બાજપેયી સાયલન્સ ૨માં એસીપી અવિનાશ વર્માની ભૂમિકા ભજવી રહ્યા છે. મનોજ બાજપેયી કહે છે, 'સિનેમા આપણા સમયની ઝલક રજૂ કરે છે. સિનેમા અરીસો બની શકે છે. જો કે સિનેમા કોઈ ચળવળ શરૂ કરી શકતું નથી, તે ચોક્કસપણે આંદોલનનો એક ભાગ બની શકે છે. મેં હંમેશા કહ્યું છે કે એકલી સિનેમા કંઈ કરી શકતી નથી. મનોજ બાજપેયીએ વધુમાં કહ્યું કે, 'દરેક શાસકે સિનેમા અને કલાનો ઉપયોગ કર્યો છે. સિનેમા કોઈ રસ્તો બતાવી શકતી નથી. પરંતુ, તે સમાજને ચોક્કસ અરીસો બતાવી શકે છે. અભિનેતાએ કહ્યું, 'જ્યારે અમિતાભ બચ્ચન એક ગુસ્સો યુવાન તરીકે આવ્યા ત્યારે બેરોજગારી, હતાશા અને નિરાશા હતી અને સામાન્ય માણસને ખબર ન હતી કે પોતાનો ગુસ્સો કેવી રીતે વ્યક્ત કરવો. તેણે પોતાની જાતને અમિતાભ બચ્ચનમાં જોયો અને ફિલ્મો જોતી વખતે તેણે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો અને વિચાર્યું કે આ તે જ (સામાન્ય માણસ) છે જે સિસ્ટમ અને દુનિયા સામે લડી રહ્યો છે.

# પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક યોજાઈ

## યુવાધનને ડ્રગ્સના દુષણથી બચાવવું જરૂરી :પોલીસ કમિશનર

રાજકોટ,

પ્રવર્તમાન સમયમાં ડ્રગ્સના દુષણ સામે સૌએ એક થઈ આજના યુવાધનને બચાવવું જરૂરી હોવાનું કહી આ દુષણને નાથવા સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથોસાથ વાલીઓ પણ જાગૃત બની આગળ આવે તેમ પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવે નાર્કો-કોર્ડીનેટર સેન્ટરની બેઠકમાં ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ ખાસ કરીને યુવાનો પર કારકિર્દી અંગે દબાણ ન લાવવા અને તેઓના વાલીઓને સતર્ક રહેવા ખાસ ભલામણ કરી હતી. ડ્રગ્સ સપ્લાયર અંગે લોકો માહિતી પુરી પાડવા આગળ આવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

પોલીસ કમિશનર શ્રીના અધ્યક્ષસ્થાને આયોજિત નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર (નાર્કોડ) બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન અંગે ડી.સી.પી. શ્રી પાર્થરાજસિંહ ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું કે, એસ.ઓ.જી. તેમજ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ ચલાવી શહેરમાં પાન ગલ્લાઓ, બગીચા તેમજ અન્ય સ્થળોએ ડ્રગ્સ વેચતા લોકો પર વિવિધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨ માં ડ્રગ્સ વેચનાર સામે કાર્યવાહી કરી રૂ. ૩૯ લાખ ,વર્ષ ૨૦૨૩ માં રૂ. ૫૧ લાખ તેમજ ચાલુ વર્ષમા રૂ. ૯ લાખથી વધુનો જથ્થો પકડવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

પોલીસ અને શિક્ષણ વિભાગ સાથે જનજાગૃતિ અર્થે શાળા-કોલેજમાં ડ્રગ્સના દુષ્પરિણામો અંગે સેમિનાર કરવામાં આવે છે, જેમાં ચાલુ વર્ષમાં ૨૫૦૦ થી વધુ છાત્રોને ડ્રગ્સના વ્યસનથી દૂર રહેવા તેના દુષ્પરિણાણો અંગે માહિતગાર કરાયા હતાં.

# રવિવારે રાજકોટમાં રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડાનું વિતરણ

રાજકોટ,

સદગુરુદેવ પારસ મુનિ મહારાજ સાહેબના આશીર્વાદ અને પ્રેરણાથી સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૭ એપ્રિલ રવિવારે સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી સારી ક્વોલિટીના ચોપડાનું રાહત દરે વિતરણ કરવામાં આવશે આ વિતરણ દ્વારિકા ભૂમિ એપાર્ટમેન્ટ, ધોળકિયા સ્કૂલ ની સામે, પટેલ મંડપ સર્વિસ ની બાજુમાં, કૃષ્ણનગર મેઈન રોડ, આનંદ બંગલા ચોક થી અંદર, મવડી પ્લોટ, રાજકોટ ખાતે કરાશે.

સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ૧૬૦ પેજ ના ઈજ.૧૦૦ માં ૦૫ ચોપડા અપાશે. વહેલા તે પહેલાના ધોરણે સ્ટોક હશે ત્યાં સુધી વિદ્યાર્થીઓને ચોપડા અપાશે. દરેક વિદ્યાર્થીઓએ આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ અને છેલ્લા ધોરણ નું પરિણામ ની ઝેરોક્ષ સાથે લાવવી વધુ વિગત માટે મોબાઈલ નંબર ૯૮૨૫૮૮૨૫૭૯ - ૯૮૨૫૮૮૨૫૩૯ પર સંપર્ક કરવો.

# ગ્રેટર રાજકોટ ચેમ્બર એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને નિરમા યુનિવર્સીટી આયોજીત એસએમઈ સેમીનાર યોજાશે

રાજકોટ,

રાજકોટ વેપાર ઉદ્યોગમાં ઉત્તરોતર પેઢીઓને તેમના જ્ઞાન અને વેપારનો વારસો આપવામાં રાજકોટના ગુજરાતીઓ પાવરધા હોઈએ છીએ. પરંતુ સર્વે કરતા તેમાં એવું માલુમ પડેલ છે કે, ૩૦ ટકા જેટલા ફેમીલી બિઝનેશ બીજી પેઢી સુધી અને ૧૨ ટકા જેટલા ફેમીલી બિઝનેશ ત્રીજી પેઢી સુધી ટકી રહે છે. આપણા મોટાભાગના ઉદ્યોગપતિઓ આ દષ્ટિકોણથી પ્લાનીંગ કરતા નથી અથવા તો અધકચરૂ આયોજન કરેલ છે. તદઉપરાંત નવી ટેકનોલોજી, પોલીટીકસ અને વૈશ્વીક અર્થતંત્રની અનિશ્ચીતતા અને સામાજીક સમીકરણોમાં એસ.એમ.ઈ. ઉદ્યોગના વિકાસની નવી તકો અને પડકારોથી આપણે જાણકાર બનવુ જોઈએ. ફેમીલી બિઝનેશને આગળ વધવા માટે સંજોગો કઇ રીતે ઉભા કરી શકાય?

આવા ગંભીર વિષયની વિસ્તૃત સમજ આપવા માટે ગ્રેટર રાજકોટ ચેમ્બ ર ઓફ કોમર્સ એન્ડિ ઈન્ડમસ્ટ્રીઝ તથા નિરમા યુનિવર્સીટી દ્વારા આયોજીત એસએમઈ સેમીનારમાં વકતા ડૉ. પુનિત સૌરભ તથા ડૉ. સતીષ નાયરને ખાસ અમદાવાદ મુકામેથી આવીને આગામી તા. ૬/૦૪/૨૦૨૪ ને શનિવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે પ્લેટીનમ હોટલ, જયુબીલી ગાર્ડની સામે, જવાહર રોડ, રાજકોટ ખાતે યોજાનાર છે. આ સેમીનારની પૂર્ણાહુતી શ્રી પરષોતમભાઈ રૂપાલાના પ્રાસંગીક પ્રવચનથી થશે.

# રાજકોટ શહેરના ૧૩૫ સ્લમ વિસ્તારોમાં સ્વચ્છતાનું ચેકીંગ



રાજકોટ,

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અન્વયે રાજકોટ શહેરમાં આવેલ રાજકોટ મહાનગરપાલિકાના કુલ-૧૩૫ સ્લમ વિસ્તારો જેમાં મહાનગર પાલિકાના અધિકારીઓડ્ઙ્ગ દ્વારા સ્વચ્છતા અંગેના પેરામીટરની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા કરવામાં આવતી સફાઈ કામગીરી, ૧૦૦% ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી વિગેરે ચકાસવામાં આવી. આ સિવાય પ્રોજેકટ શાખા દ્વારા સખી મંડળોની રચના કરવામાં આવી તેમજ ૩છ ઈનીશીયેટીવ વિષે સખી મંડળોનાં સભ્યોને માહિતી આપવામાં આવી. બાંધકામ શાખા દ્વારા સ્લમ વિસ્તારોમાં રંગ રોગાન તથા સામુહિક શૌચાલયોનું ડ્રેનેજ કનેકશન ચકાસવામાં આવ્યું તેમજ સ્લમ વિસ્તારની સમિતિને મહાનગર પાલિકાના અધિકારીશ્રીઓ દ્વારા કચરાના વર્ગીકરણ કરવા અંગેની તાલીમ આપવામાં આવી અને વર્ગીકરણ કરેલ કચરાને મીની ટીપરમાં જ નાખવા અંગેની માહિતી આપવામાં આવી.

# રાજકોટના બે દિવ્યાંગ સ્વિમર ખેલાડીઓનું રાષ્ટ્રીય કક્ષાએ સન્માન : મેડલ જીત્યા



રાજકોટ,

રાજકોટના બે દિવ્યાંગ ખેલાડીઓ માટે મધ્યપ્રદેશ ગ્વાલિયર ખાતે પેરા ઓલમ્પિક કમિટી ઈન્ડિયા દ્વારા આયોજિ સંસ્થા પેરા સ્પોર્ટ્સ એસોસિએશન મધ્યપ્રદેશ તથા પેરા સ્વિમિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા ના સહયોગથી અટલ બિહારી બાજપાઈ ટ્રેનિંગ સેન્ટર ડિસેબિલિટી સ્પોટ સેન્ટર ગ્વાલિયર ખાતે ૨૩મી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ ૨૪ યોજાયેલ. જેમાં રાજકોટ મહાનગરપાલિકા પાલિકા સંચાલિત લોક માન્ય તિલક સ્વિમિંગ એકેડેમી ના બે પ્રેરક ખેલાડીઓએ સુંદર દેખાવ કરી રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટનું નામ રોશન કરેલ છે.

જેમાં જીગર ઠક્કર કે જેઓ રાજકોટના સ્વિમિંગના આંતરરાષ્ટ્રીય ખેલાડી છે તેમણે ૨:૧૦:૪૯ ના સમય સાથે રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ મેળવી દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત બહેનોમાં ઈન્દ્રેશબેન પલાન કે જેઓએ ગુજરાત રાજયની ૪ બહેનોની રિલે ટિમ માં ભાગ લઈ૮:૪૧:૪૪ સમયાંક સાથે સફળતાપૂર્વક સિલ્વર મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરેલ છે દિવ્યાંગના પેડા સ્વિમિંગ ખેલાડી જીગરભાઈ ઠક્કર તથા ઈન્દ્રશબેન પલાણનું સન્માન રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ સ્થળે કરાયું હતું.

# સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પીટલ દ્વારા ૨૧૦૦૦ થી વધુ પરિવારોને ચહેરા પર સ્મિત અપાયું

## ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ સાથે હવે સ્કીન, હેર અને લેસરની પણ અત્યાધુનિક સારવાર શરૂ



રાજકોટ:

ખડખડાટ હાસ્ય એ તંદુરસ્તી માટે અકસીર ઔષધ છે. હસવું દરેક વ્યક્તીને ગમે છે પણ ચહેરા પરના હાસ્યને ગ્રહણ

લગાડે છે ખરાબ દાંત. છેલ્લા ૧૪ વર્ષથી ૨૧૦૦૦ થી વધુ પરિવારોને સંતોષકારક સારવાર આપી સૌરાષ્ટ્રમાં ૭૦૦૦ થી પણ વધુ ડેન્ટલ ઈમપ્લાન્ટ કરી ચહેરા પરનું સુંદર સ્મિત ફરી લાવવાનું કામ ડો.વિરેન પટેલ, ડો.નિલમ પટેલ અને તેમની સ્માઈલ ૧૫ વર્ષમાં મંગલ પ્રવેશ કરી હવે સ્કીન, હેર અને લેસરની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અત્યંત હાઈજેનિક સારવાર શરૂ કરી સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પીટલે તેની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેર્યુ છે.

ડો. વિરેન પટેલે જણાવ્યું હતું કે, સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પિટલ છેલ્લા ૧૪ વર્ષથી રાજકોટમાં તમામ

પ્રકારના પીડારહિત અને કોસ્મેટિક દંત પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી અત્યાધુનિક ટેકનોલોજી, બાયો-ફ્રેન્ડલી સામગ્રી સાથે ડેન્ટલ હેલ્થકેરના ઉચ્ચતમ ધોરણોનો વર્ષોના અનુભવ સાથે દર્દીઓને શ્રેષ્ઠ ડેન્ટલ હેલ્થ સેવાઓની સંપૂર્ણ શ્રેણી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે રાજકોટ શહેરમાં હવે પાન એમ્પાયરના બીજા માળે, સિલ્વર હાઈટ્સની સામે, નાના મવા સર્કલ પાસે નવપ્રસ્થાન થયેલ આ સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પિટલમાં દાંતની સાથે સ્કીન, હેર અને લેસરની અત્યાધુનિક સારવાર શરૂ થતા દર્દીઓને એકજ જગ્યાએ સંપૂર્ણ સારવાર મળી રહેતા ઘણી રાહત થઈ છે. વધુ વિગત માટે ડો. વિરેન પટેલ ૭૮૭૮૭૭૦૦૭૭ અને ડો. નિલમ પટેલ ૭૫૭૫૮૮૨૨૭૦ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ એલ.આર.એસ.શાહ આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા સુવર્ણપ્રાશન અને આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો

## કેમ્પમાં ૧૦૨ જેટલા બાળકોને વિનામૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપા અને ૭૮ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી





રાજકોટ:

શ્રી વી.એમ. મહેતા ઇન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ સાથે સંકળાયેલ એલ.આર.એસ. શાહ આયુર્વેદિક હોસ્પિટલ, આણંદપર દ્વારા તારીખ ૨૦ માર્ચ ૨૦૨૪ ના રોજ પુષ્યનક્ષત્ર નિમિત્તે સરકાર દ્વારા સંચાલિત શ્રી દેવગામ પ્રાથમિક શાળા, તા- લોધીકા, જી- રાજકોટ ખાતે સુવર્ણપ્રાશન તેમજ આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં પ્રાથમિક શાળાના બાલવાટિકા તેમજ ૧ થી ૮ ધોરણના ૧૦૨ જેટલા બાળકોને વિનામૂલ્યે સુવર્ણપ્રાશનનું મહત્વ સમજાવી ટીપા પીવડાવવામાં આવ્યા હતા. તેમજ ૭૮ જેટલા બાળકોનું આરોગ્ય તપાસ કરી તેમના સ્વાસ્થ્ય અને સ્વચ્છતા બાબતે માહિતી આપી જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આયુર્વેદ હોસ્પિટલના બાળરોગ વિભાગના નિષ્ણાંત ડૉ.સલીમ ગોહેલ, ડૉ.ધારા ડેલીવાલા, ડૉ.ડી.પી. મહેતા, ફાર્માસિસ્ટ જયશ્રી તેમજ ઇન્ટર્ન્સ ડૉક્ટરો જોડાયા હતા.

# રાજકોટના શાપર વેરાવળમાં મહારકતદાન કેમ્પ- અંગદાન કેમ્પમાં પૂજય જયંતીરામ બાપાની રકતતુલા



રાજકોટ,

શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખ કિશોરભાઇ ટીલાળાના માર્ગદર્શન હેઠળ ટીલાળા પોલીપ્લા?સ્ટ પ્રા. લી.ના ૧૦ વર્ષ પૂર્ણની ઉજવણીના ભાગરૂપે મહારકતદાન અને અંગતદાન કેમ્પ તથા પરમ પૂજય સદ્?ગુરૂ શ્રી જયંતીરામ બાપાની રકતતુલ્લા મહોત્સવ સેવાકીય પ્રવૃત્તિના શુભ હેતુથી ટીલાળા પોલીપ્લા્સ્ટ યુનિટ-૨, પીપળીયા ખાતે યોજવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટીલાળા પોલીપ્લાસ્ટના ડીરેકટર મનોજભાઇ ટીલારા, કિશોરભાઇ ટીલારા, જયસુખભાઇ ટીલારા, બ્રિજેશભાઇ મીતેશભાઇ સોહભાઇ તથા સ્ટાકફ મિત્રોએ જહેમત ઉઠાવેલ હતી, ઔદ્યોગિક કામદારો તથા આ વિસ્તાબરના યુવાનોએ રકતદાન કરેલ જેમાં કુલ ૧૦૦૦ બોટલ થી વધુનું રકતદાન મળેલ હતું.

આ કાર્યક્રમમાં બ્લળડની બોટલો લેવા માટે ચાર બ્લ?ડક બેંકનો ખુબજ સારો સહયોગ મળેલ, આ તકે શ્રમયોગી કલ્યાણ બોર્ડે તબીબી સેવા આપેલ, સદ્?ભાવના વૃધ્ધા શ્રમ-રાજકોટ દ્વારા રકતદાતાઓના નામનું વૃક્ષ વાવવાની જાહેરાત કરેલ, સત્ય જયોતિ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી ડો. દર્શનાબેન પંડયા હાજર રહેલ અને ૪૫૧ થી વધુ વ્કિતઓને શુગાર ટેસ્ટર, હેમોગ્લોરબિન ટેસ્ટા, હાડકાની ધનતાની માપણી, કાંસ્યૂ મસાજની ફ્રી સેવા આપેલ હતી.

# જુનાગઢ આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનની મુલાકાતે એસ.પી. હર્ષદ મહેતા



જુનાગઢ,

છેલ્લા ૨૦ વર્ષથી માનસિક દિવ્યાંગોના પુનઃસ્થાપન માટે કાર્યરત સંસ્થા શ્રી આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનની મુલાકાતે જુનાગઢ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા આવેલ હતા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી- સ્થાપક ડો.બકુલ બુચ દ્વારા તેમને સંસ્થાઅની મુલાકાત લેવડાવવામાં આવેલ હતી. સંસ્થાની કાર્ય પ્રણાલીથી તેઓ ખુબ જ પ્રભાવિત થયા હતા. અને દિવ્યાંગો સાથે વાતચિત કરેલ હતી.

સાથો સાથ દિવ્યાંગોએ બનાવેલ અને વેચાણ કરેલ વસ્તુથઓ જેવી કે ફિનાઈલ, રાખડી, દીવડાના નફાનું વિતરણ કરવામાં આવેલ. તમામ નફો દિવ્યાંગોને તેના કામના પ્રમાણ મુજબ ચેકમાં એસ.પી. સાહેબના હસ્તે આપવામાં આવેલ. દિવ્યાંગોના વાલી સાથે પણ મુલાકાત કરેલ અનુ પ્રતિભાવોની આપ-લે કરવામાં આવેલ. પોલીસ ડિપાર્ટમેન્ટમાં જે વસ્તુાઓની જરૂર હશે તે આશાદિપમાંથી લેવામાં આવશે તેની પણ ખાતરી તેઓએ આપેલ ભવિષ્યંમાં મદદરૂપ થવાની બાંહેધરી આપેલ છે.

# ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સંવેદનશીલ બુથોની મુલાકાત લીધી

વેરાવળ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા આજે સતત બીજા દિવસે લોકસભાની આગામી ચૂંટણી નિર્ભયતાપૂર્વક અને મુક્ત તથા ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લાના વિવિધ ગામોના સંવેદનશીલ બુથ અને મહિલા મતદાતાઓની ટકાવારી ઓછી ધરાવતા ગામોની મુલાકાત લીધી હતી.

કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વિવિધ ગામોના સંવેદનશીલ મતદાન મથકો અને મહિલાઓના ઓછા મતદાન ધરાવતા ગામોમાં મુલાકાત લઈને લોકો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, લોકો ધર્મ, વંશ, જ્ઞાતી, જાતી, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા વિના નિર્ભયતાપૂર્વક મતદાન કરી લોકશાહીની પ્રક્રિયામાં મતાધિકારનો ઉપયોગ કરીને જોડાય તે સમયની માંગ છે.

કલેક્ટરશ્રીએ આજે તાલાલા ચોકડી થી ઈણાજ સુધી મતદાન જાગૃતિ રેલીમાં જોડાવા સાથે ગોવિંદપરા, ઈણાજ, મોરાજ, સેમરવાવ, ઘુસીયા, તાલાલા, ગુંદરણ, માધુપુર ગીર સહિતના ગામોમાં મુલાકાત લઈને ઉભા કરવામાં આવેલા મતદાન મથક ખાતેની સ્વચ્છતા, મતદાન મથક ખાતે ઉભી કરવામાં આવેલી સગવડોની જાત માહિતી મેળવી હતી.

કલેક્ટરશ્રીએ તાલાલામાં શાકભાજી બજારમાં લોકો તથા વેપારીઓને ચૂંટણીના આ મહાપર્વમાં સામેલ થવા માર્ગદર્શિત કર્યા હતાં. તેમજ તાલાલા બસ સ્ટેશન થી સરદાર ચોક સુધી મતદાન જાગૃતિના પોસ્ટર અને બેનર સાથે ફ્લેગમાર્ચ યોજી હતી. તેમણે ઘુંસિયા ગામે મતદાન જાગૃતિ માટેના સાઈન બોર્ડમાં સહી કરી હતી. માધુપુર ખાતે ઉભા કરવામાં આવેલા સેલ્ફી પોઈન્ટ, રંગોળી સહિતની મતદાર જાગૃતિની તેમણે સરાહના કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકરે મહિલાઓના ઓછા મતદાન ધરાવતા ગામોમાં મહિલા મતદારો સાથે સંવાદ કરીને જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વમાં મહિલાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવે ઉત્સાહભેર મતદાન કરવા માટે આગળ આવે.

મતદાન જાગૃતિ માટેના આ અભિયાન દરમિયાન નાયબ પોલીસ અધિક્ષક શ્રી વી.આર.ખેંગાર, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશી, નાયબ કલેક્ટર શ્રી ભૂમિકા વાટલિયા, પી.આઈ. શ્રી એમ.વી.પટેલ, એસ.વી.સિંધવ, વેરાવળ નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ચેતન ડુડિયા, તાલાલા નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી વિનોદ રાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરિચા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ તથા પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# વેરાવળમાં તાલાલા રોડ ઉપર ખુલ્લેઆમ રેતી, પથ્થરોનું વેંચાણ : ગેરકાયદેસર જથ્થો સીઝ



વેરાવળ,

ગીર સોમનાથના જીલ્લા મેજીસ્ટ્રે ટ અને કલેકટર ડી.ડી.જાડેજા સંવેદનશીલ મત વિસ્તાોરોમાં ફલેગ માર્ચ ની જગ્યાાઓ ઉપર જતા હતા ત્યાટરે તાલાલા રોડ ઉપર અનેક વેપારીઓ ખુલ્લેઆમ રેતી, પથ્થતરો ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોય તેને સીઝ કરી આગળ ની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

પ્રાંતિ અધિકારી વિનોદ જોષીએ જણાવેલ હતું કે જીલ્લા મેજીસ્ટ્રે ટ કલે કટરડી.ડી.જાડે જા, ગીર સોમનાથ મતદાન જાગળતિ સતર્કતા રેલી તથા સંવેદનશીલ મતદાન મથકોના વિસ્તાીરની ફલેગ માર્ચ ની મલાકાતો લેતા હોય ત્યાતરે તાલાલા નાકાથી આઈ.ડી.ચૌહાણ સ્કગલ તરફથી જતા રોડની બન્ને સાઈડ ની જગ્યાંઓમાં રેતી,બેલા,પથ્થવર, કપચી નજરે પડતા તપાસ કરતા કોઈ પાસે લાયસન્સથ ન હોય ગેરકાયદેર રીતે વેચાણ કરતા જેથી તાત્કીલીક ભસ્ત ર શાષીને સચના આપતા અલીફ એન્ટકરપ્રાઈઝ, બાસઠીયા ટીમ્બ ર્સ, સ્ટા ર બિલ્ડીંરગ મટીરીયલ્સથ, અલીફ એન્ટરપ્રાઈઝ, મોરી સીરામીક, રોયલ બીલ્ડીં ગ મટીરીયલ્સ તથા એક ડમ્પ્ર તપાસ કરતા આધારપુરાવા મળી નહી આવતા કુલ બીલ્ડીં ગ લાઈમ સ્ટીન ૨૫૫ મેટ્રીક,સાદી રેતી ૧૭૦ મેટ્રીક ટન,બ્લે કટ્રેપ ૪૮ મેટ્રીક ટન ગેરકાયદેરસ રીતે ખડણી નો જથ્થોલ સીઝ કરી રૂા.૨,૫૫,૦૦૦ નો દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરતા ભારે ફફડાટ ફેલાયેલ છે.

# રાજકોટની હેડ પોસ્ટ ઓફિસમાં ૨૨માંથી માત્ર પાંચ બારીઓ ખુલતા અંધાધુંધી સર્જાઈ

## પાસબુક એન્ટ્રીનું કાઉન્ટર પણ બંધ રહેતા દેકારો મચી ગયો: ખાતેદારોને લેવડ-દેવડના એસ.એમ.એ. નહી મળતા ઈક્વાયરી માટે ધક્કામુકકી

રાજકોટ

માર્ચ એન્ડીંગનાં લીધે તા.૧ અને ૨જી એપ્રિલ પોસ્ટલ વિભાગમાં બે દિવસ બાદ ત્રીજા દિવસે સર્વર બંધ રહેતા મુશ્કેલી પડી હતી. આજે ચોથા દિવસે હેડ પોસ્ટમાં બચતકારો ખાતેદારો અને પેન્શનર સિનિયર સીટીઝનો ઉઘડતી ઓફીસે જ પહોંચી જતા અંધાધુંધી સર્જાઈ હતી. સંખ્યા એટલી હદે વધી ગઈ કે સીનીયર સીટીઝનોને બેસવાની પણ જગ્યા નહીં મળતા ઘણા ખાતામાં લેવડ-દેવડ કર્યા વિના જ ઘરે પરત ફરવા મજબુર થયા હોવાની ચર્ચા જાગી છે.

ગઈકાલે હેડ પોસ્ટ ઓફીસ સહિત અનેકવિધ પોસ્ટલ બ્રાંચમાં સર્વર બંધ રહેતા અસંખ્ય ખાતેદારોને ધરમધકકા થયો હતો આજે ચોથા દિવસે લાંબી કતારો લાગતા કાઉન્ટરો પર દેકારો મચી ગયો હતો.




હેડ પોસ્ટ ઓફીસ પૈસાની લેવડ દેવડ સાથે પાસબુકમાં એન્ટ્રી પાડવા માટે કાઉન્ટર અને ૨૨ બારીઓની સુવિધા જેમાં ટોકન મુજબ ક્રમશઃ જે તે બારી ઉપર કામગીરી થઈ રહી છે. આજે સવારે ઓફીસ શરૂ થતા જ મોટી સંખ્યામાં બચતકારો-ખાતેદારો ઉમટતા અવ્યવસ્થા સર્જાય હતી. ૨૨માંથી માત્ર પાંચ બારીઓ ઉપર કામકાજ શરૂ થતા ભારે અફડાતફડી મચી હતી. સીનીયર સીટીજનોને બેસવાની પણ જગ્યા નહીં મળતા પરેશાન થયા હતા. ત્રણ દિવસથી હેરાન થતા ખાતેદારો ગ્રાહકો આજે પણ અસુવિધાથી પરેશાન થયા હતા.

પાસબુકમાં વ્યાજ જમા થયું હોય તે અંગેના હજુ સુધી મોબાઈલમાં એસએમએસ નહીં મળતા એન્ટ્રી પાડવા દોડેલા પેન્શનરોને પાસબુકમાં એન્ટ્રી થઈ શકી ન હતી કારણ કે પાસબુક એન્ટ્રીનું કાઉન્ટર ચાલુ બંધ થતું હતું. છેલ્લા બે દિવસથી હેડ પોસ્ટ ઓફીસે ભારે અંધાધુંધી સર્જાઈ હોવા છતા અધિકારીઓ-કર્મચારીઓ ગ્રાહકોની સવલત બાબતે કોઈ પરવા કરી નહી હોવાનો આક્રોશ જોવા મળ્યો હતો.

# ૧૫એપ્રિલના જોવા મળશે લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો : જાથા



રાજકોટ,

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૫ એપ્રિલ મધ્યરાત્રિથી તા. ૨૯ મી એપ્રિલ સોમવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૧૫ મી સોમવાર મધ્યરાત્રિથી તા. ૨૯ મી સુધી આકાશમાં લાયરીડસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૨૧ તથા ૨૨ મી રાત્રીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે.

લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ તા. ૨૧ તથા ૨૨ પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી.

# રાજકોટમાં કેન્સરગ્રસ્ત મહિલા દર્દીઓ રેમ્પ વોક કરશેઃ ફેશન શોનું આયોજન

રાજકોટ,

એક સુંદર કાર્ય થવા થઇ રહયું છે. જે કોઇ મહિલા કેન્સર જેવી બિમારીમાંથી પસાર થઇ ચુકયા છે. અથવા તો આ બિમારીમાં સપડાયા છે તેવા લોકો માટે રેમ્પવોક (ભારતીય સંસ્કૃતિ અનુરૂપ) નું આયોજન કરવામાં આવ્યું છે. કેન્સરપીડીત મહિલાઓમાં આત્મવિશ્વાસમાં વધારો થાય અને હકારાત્મક અભિગમ આવે તે અર્થે આ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવ્યા હોવાનું સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડો.નિલા મોહીલે, ખ્યાતીબેન વસાવડા, બળવંતભાઇ દેસાઇ વિ. આગેવાનો ઉપસ્થિત રહેશે. મહિલાઓને થતા કેન્સર સામે જાગૃતિ, મદદ અને માર્ગદર્શનના ઉદ્દેશ સાથે રાજકોટમાં ગુજરાતના સૌથી મોટામાં મોટા કેન્સરના મહિલા દર્દીઓના ફેશન શોનું આયોજન થયું છે. એક ઐતિહાસિક ઘટના સ્વરૂપે આકાર લઇ રહેલ આ ફેશન શો કાલાવડ રોડ સ્થિત સયાજી હોટલ ખાતે ૧૮ મેના રોજ સાંજે ૬ વાગ્યેથી શરૃ થશે.કેન્સર પીડિત મહિલાઓમાં આત્મવિશ્વાસનું પુનઃ નિર્માણ થાય અને તેમનામાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય તે બાબતને ધ્યાનમાં રાખીને યોજાઇ રહેલ આ ફેશન શોમાં કેન્સર પીડિત બહેનો ઉપરાંત ગુજરાતની મોડેલ્સ, અભિનેત્રીઓ, પ્રતિષ્ઠિત બહેનો ઉપરાંત મહિલા ડોકટરો રેમ્પ વોક પર ઉતરશે. કાર્યક્રમમાં ડો.નિલા મોહીલે, ખ્યાતીબેન વસાવડા, બળવંતભાઇ દેસાઇ હાજર રહેશે.

રાજકોટની કેન્સર કલબના સ્થાપક શ્રી અશ્વિનભાઈ સોલંકીના વળપણ તળે તાજેતરમાં કેન્સર ફેશન શો અંગે મળેલી એક બેઠકમાં કેન્સર કલબના સભ્યો સર્વશ્રી માધવીબેન રાઠોડ, નીલિમાબેન શાહ, ભારતીબેન કુરિયા, જ્યોતિબેન જોશી, સ્વાતિબેન શાસ્ત્રી, જલ્પાબેન કુબાવત, તૃષા વિઠલાણી, રેખાબેન ઉંજીયા, ડો. આસ્થાબેન જાડેજા, ડો. ઋતવાબેન સોલંકી, જીગરભાઈ યાજ્ઞિક, સાગરભાઇ દવે,સરજુભાઈ કારીયા, નરેન્દ્રસિંહ વાઘેલા,નીરવભાઈ વિઠલાણી, ડો.કાન્તિ ઠેસિયા વગેરેએ ઉપસ્થિત રહીને કાર્યક્રમ અંગે સ્વયં જવાબદારીઓ સ્વીકારી, કાર્યક્રમને સફળ બનાવવા સંકલ્પ કર્યો હતો. આ ફેશન શોમાં ભાગ લેવા માટે શ્રી અશ્વિન સોલંકી વોટ્સએપ ૯૮૨૪૮ ૧૦૦૩૬, શ્રી માધવીબેન રાઠોડ ૯૪૨૬૨ ૧૬૯૦૫ અથવા શ્રી જલ્પાબેન કુબાવત ૯૬૬૪૬ ૯૬૫૦૧નો સંપર્ક કરવા જણાવાયું હતું.

# રાજકોટ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ચેસ ચેમ્પિયનશીપ યોજાઈ

## વિજેતા કોલેજના છાત્રો અને પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનુ સન્માન




રાજકોટ,

ગત તા.૨ના રોજ રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી ઝોન-૧ વિભાગના નાયબ પોલીસ કમિશ્નર સજ્જનસિંહ પરમાર તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી. જાદવની ખાસ ઉપસ્થિતિમાં ભકિતનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. સરવૈયા તથા પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી. ગીલવા દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પ્રજા અને પોલીસ વચ્ચેનું અંતર ઘટે અને સૌહાર્દ સધાય તે હેતુથી એક ઈન્ટ્રામોરલ ચેસ ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવેલ.

જે અન્વયે એચ.એન. શુકલા સ્પોર્ટસ કોલેજના બીપીઈએસ થર્ડ યરના કુલ ૧૧ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તથા ભકિતનગર પોલીસ સ્ટેશનના કુલ ૧૧ અધિકારી કર્મચારીઓ વચ્ચે ચેસ ચેમ્પીયનશીપ યોજાયેલ.

આ ચેમ્પીયનશીપના અંતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવેલ વિજેતાઓને ટ્રોફી મેડલ તથા સર્ટીફીકેટ આપી સન્માનીત કરવામાં આવેલ તથા ઉપરોકત પ્રતીયોગીતામાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ કર્મચારીઓને પણ મેડલ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ જેમાં પ્રથમ ક્રમાંક પાર્થ નીલેશભાઈ ગોંડલીયા, દ્વિતીય ક્રમાંક શૈલેષ વેલાભાઈ બોસરીયા તથા તૃતીય અદિતીબેન નંદાએ મેળવેલ હતા.

જે તમામ વિજેતાઓને પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અધીક પોલીસ કમીશ્નર વિધી ચૌધરી તથા ઝોન-૧ વિભાગના ના.પો.કમિશ્નર સજ્જનસિંહ પરમારના હસ્તે ઈનામ વિતરણ કરી સન્માનીત કરવામાં આવેલ. આ તકે સૌરાષ્ટ્ર યુનિ.ના સીનીયર એનએસએનઆઈએસ હેડ કોચ ચીંતનકુમાર કિશોરભાઈ રાવલે કો.ઓર્ડીનેયર તથા જજ તરીકે સેવા પુરી પાડી હતી.

# રાજકોટ ગિરાસદાર ક્ષત્રિય વકીલ મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

## ક્ષત્રિય સમાજના કાર્યકરો સામેના કેસ સુપ્રીમ કોર્ટ સુધી ફ્રીમાં લડવાની જાહેરાત



રાજકોટ,

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી અભદ્ર ટીપ્પણીનો રાજયભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલનમાં તાજેતરમાં જ પ્રદ્યુમન નગર પોલીસ દ્વારા પુતળા દહન કરનાર ચાર યુવાનો સામે રાજકીય દબાણ હેઠળ ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો જેના વિરોધમા આજે ક્ષત્રિય વકીલ મંડળ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ તાજેતરમાં જ એક કાર્યક્રમમાં રાજા રજવાડા વિશે અભદ્ર ટિપ્પણી કરી હતી જેના કારણે ક્ષત્રિય સમાજના સ્વમાનને ઠેસ પહોંચી હોય અને લાગણી દૂભાઈ હોય જેની સામે રાજ્યભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ દ્વારા શાંતિ પૂર્વક લોકસાહી ઢબે આંદોલન ચલાવી રહ્યા છે. અભદ્ર ટીપ્પણી કરનાર લોકસભાના ઉમેદવાર વિરોધમાં સમગ્ર રાજ્યમાં ક્ષત્રિય સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યા છે. તેમજ અભદ્ર ટિપ્પણી કરનાર ઉમેદવારના પુતળા દહનનાકાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે જેમાં થોડા સમય પહેલા રાજકોટના રેલનગરમાં ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી અને બાદમાં અમુક કાર્યકરોએ પરસોતમ રૂપાલાના પુતળાનું દહન કર્યુ હતું.આ બનાવમાં રાજકીય દબાણને વસ થઈને પ્રદ્યુમન નગર પોલીસે ક્ષત્રિય સમાજના કાર્યકરો સામે ગંભીર કલમો હેઠળ ધરપકડ કરી હતી જેનો ભારે વિરોધ થયા બાદ પોલીસે થુકેલુ ચાટીને ગંભીર કલમો રદ કરીને પકડાયેલા કાર્યકરોને પોલીસ સ્ટેશનમાંથી જ મુક્ત કર્યા હતાં.આ તકે ક્ષત્રિય વકીલ ફાઉન્ડેશન દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ક્ષત્રિય સમાજના કાર્યકરો લોકસાહી ઢબે આંદોલન કરતા હોય તેમની સામે ખોટા ગુના દાખલ નહીં કરવા રજૂઆત કરી હતી. સાથો સાથ ક્ષત્રિય સમાજને ઉશ્કેરવાની કોશીષ કરી હુલ્લર જેવો માહોલ ઉભો કરવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. વકીલોએ રજૂઆતમાં વધુમાં જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજના કાર્યકરો સામે જો પોલીસ તંત્ર ગુના દાખલ કરશે તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી ક્ષત્રિય વકીલ ફાઉન્ડેશન આવા કાર્યકરોના કેસ ફ્રીમાં લડશે તેમ ઉમેર્યુ હતું.

# રાજકોટ સરગમ ક્લબ દ્વારા જયપુર ફૂટ કેમ્પમાં ૯૧ દર્દીઓએ લાભ લીધો



રાજકોટ,

રાજકોટ સરગમ ક્લબ અને લંડન 'માં કૃપા ફાઉન્ડેસશન' જયંતિભાઈ ખંગ્રામના સયુંકત ઉપક્રમે જયપુર કેમ્પલમાં કુલ ૯૧ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૪ લેગ (પગ) નાં દદી ૪૧ અને રીપેરીંગ ૧૬ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામના જણાવ્યા. અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કળત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આ કેમ્પમાં મા કૃપા ફાઉન્ડેશિન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદીનો સહયોગ મળેલ છે. આ કેમ્પમની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા મનુભાઈ માંડલિયા કમાણી ફાઉન્ડે શનનાં માર્ગદર્શન હેઠળ દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બ્ર્ પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછ્ડાન, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાકસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, નિશબેન વડગામા, જાગતિબેન આસોડિયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# શનિવારે EVM નું રેન્ડેમાઈઝેશન

## વેરહાઉસમાંથી એઆરઓને બીયુસીયુ વીવીપેટ ફાળવાશે




રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુચારૂ રૂપથી યોજાય તે માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મોટાભાગની તૈયારીઓ પરીપૂર્ણ કરી દેવામાં આવી છે.જેમાં અગાઉ ૧૦૫૦૦ કર્મચારીઓનું પ્રથમ રેન્ડેમાઈઝેશન કરાયા બાદ હવે આગામી શનિવારે ઈવીએમ (વોટીંગ મશીનો)નું રેન્ડેમાઈઝેશન કરવામાં આવેલ છે. જેમાં વિધાનસભા વિસ્તારવાઈઝ ઈવીએમ મશીનો ફાળવી દેવામાં આવશે.

માધાપર ખાતેના ઈવીએમ વેરહાઉસમાંથી ઈવીએમ મશીનો એ.આર.ઓ.ને ફાળવવામાં આવશે. ૩૬૦૨ બીયુ, ૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટ એ.આર.ઓ.ને ફાળવવામાં આવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, અગાઉ કર્મચારીઓનું પ્રથમ રેન્ડેમાઈઝેશન કરી તેઓને તેમના હોદ્દા ચૂંટણી ફરજ માટે ફાળવી દેવામાં આવેલ હતા. જે બાદ હવે કર્મચારીઓનું બીજુ રેન્ડેમાઈઝેશન આગામી તા.૨૫મીની આસપાસ કરવા જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરાયેલ છે તે પૂર્વે ઈવીએમનું રેન્ડેમાઈઝેશન આગામી શનિવારે કરવામાં આવનાર છે.

મત આપો....લોકશાહી બચાવો....

# રાજકોટની વિવિધ શાળાઓમાં મતદાતા જાગૃતિ કાર્યકમો યોજાયા

## શાળાઓમાં સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો



રાજકોટ

રાજકોટ સંસદીય મતવિસ્તારની ચૂંટણી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાનારી છે. લોકસભા સામાન્ય ચુંટણી -૨૦૨૪ અંતર્ગત ભારતભરમાં " મતદાન જાગૃતિ " અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે શાળાઓ પણ મતદાન જાગૃતિનો હિસ્સો બની રહી છે.જેના ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજકોટની વિવિધ શાળાઓમા મતદાન જાગૃતિને પગલે કડવીબાઇ વીરાણી કન્યા વિદ્યાલય ખાતે મતદાન જાગૃતિ સંકલ્પપત્ર વિદ્યાર્થીઓ પાસે ભરાવવામાં આવ્યા હતા. જ્યારે જી.ટી. શેઠ વિદ્યાલય (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ )માં મતદાન જાગૃતિ અંગે સ્પીચ અને નિબંધ લેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોટેચા ગર્લ્સ હાઇસ્કુલ ખાતે મતદાન જાગૃતિ માટેનું નાટક ભજવી લોકોને મત આપવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. સરકારી કન્યા વિદ્યાલય ધોરાજી ખાતે પણ વિદ્યાર્થીઓને સ્વીપ અંગેની જાણકારી તથા મતદાન કરવું એ આપણો અધિકાર છે તે વિશે વધુ માહિતી અપાઇ હતી અને વિદ્યાર્થીઓને મતદાન માટે પ્રેરિત કરાયા હતા. આમ, શાળાઓમા સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશનની મુલકાત લેતાં નવાગામ આણંદપરની સ્કૂલના છાત્રો



રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે નવાગામ આણંદપરની મહાવીર સ્કૂલના છાત્રોની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ છાત્રોને પોલીસ સ્ટે શનના દરેક વિભાગો જેમ કે સાયબર ક્રાઇમ, સર્વેલન્સે સ્વોકાત ડ, ઇન્વેસ્ટીગેશન રૂમ, એકાઉન્ટ તથા એમઓબી, ફિંગરપ્રિન્ટ. શાખા, પીએસઓ, કોમ્પ્યુટર વિભાગ સહિતની મુલાકાત કરાવી માહિતી આપવામાં આવી હતી. સાયબર ફ્રોડ કઇ રીતે થાય? તેમાંથી કઇ રીતે બચાય તેની સમજ પણ અપાઇ હતી. તેમજ ભણતર સાથે રમત-ગમત પણ જરૂરી છે તે સમજાવાયું હતું. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, સુરક્ષા સેતુના નોડલ ઓફિસર એમ.આઇ. પઠાણની રાહબરીમાં પીઆઇ વી.આર. રાઠોડ, કોનસ. સંજયભાઇ મંઢ, શીતલબેન કુંડારીયાએ છાત્રોને માહિતગાર કર્યા હતાં.

# રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલાની પડખે પાટીદારો, અંબિકા ટાઉનશિપમાં સમર્થનમાં ૨૦૦ પોસ્ટર લાગ્યા

## 'રાજકોટ જિલ્લાને રૂપાલા જેવું યોગ્ય નેતૃત્વ મળ્યું છે', ક્ષત્રિયોએ રૂપાલાને માફ કરી દેવા જોઈએઃ નરેન્દ્ર સોલંકી

રાજકોટ:

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન મામલે હાલ ક્ષત્રિયો અને પાટીદારો સામસામે આવી ગયા હોય તેવું ચિત્ર સામે આવ્યુ છે. એક તરફ કરણીસેનાના મહિલા પ્રદેશ અધ્યક્ષ પદ્મિનીબા વાળા અન્ન ત્યાગ પર છે, તો બીજી તરફ અંબીકા ટાઉનશિપમાં રૂપાલાના સમર્થનમાં ૨૦૦ જેટલા પોસ્ટર લાગ્યાં છે. દરમિયાન યુથ ક્લબના નેજા હેઠળ ૨૦૦ જેટલી સોસાયટીના લોકોએ રૂપાલાને જીતાડવા સમર્થન આપ્યું છે, જેમાં સાંજે પાટીદારોની બેઠક મળવાની છે. જોકે, આ તકે લાંબા સમયથી રાજનીતિ મૂકી આપાગીગા ઓટલાના મહંત બનેલા રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર નરેન્દ્ર સોલંકી મેદાને આવ્યાં હતાં અને રૂપાલાને માફી આપવા ક્ષત્રિય સમાજને અપીલ કરી હતી.રાજકોટના અંબિકા ટાઉનશિપ વિસ્તારમાં રૂપાલાના સમર્થનમા પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં. જે અંગે રાજકોટ યુથ ક્લબના અધ્યક્ષ જીગ્નેશ કાલાવડીયાએ જણાવ્યું હતું કે, યુથ ક્લબના નેજા હેઠળ અંબિકા ટાઉનશિપમાં ૨૦૦થી વધુ સોસાયટી અને ફ્લેટ ઓનર્સ એસોસિએશનની બેઠક મળી હતી. તેમાં આ વિસ્તારના લોકોના વિકાસ માટે પુરુષોત્તમ રૂપાલાને સમર્થન આપવું તેવું સર્વાનુમતે નક્કી થયું હતું. રાજકોટ યુથક્લબ તમામ સમાજના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. અહીં ૨૦૦થી વધુ પોસ્ટર લાગ્યાં છે. આગામી સમયમાં અહીં ૧૦,૦૦૦થી વધુ લોકોની સભાનું આયોજન કરવામાં આવશે.જ્યારે રાજકોટ મહાનગરપાલિકાના ભાજપનાં પૂર્વ કોર્પોરેટર અને હાલ આપાગીગાના ઓટલાના મહંત નરેન્દ્રબાપુએ જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાથી ક્ષત્રિય સમાજ અંગે જે નિવેદન થયુ છે, તે અંગે તેમને માફી પણ માંગી છે. તેમનાથી ૪૦ વર્ષમાં




પ્રથમ વખત આ પ્રકારની ભૂલ થઈ છે, જેથી ક્ષત્રિયોએ રૂપાલાને માફ કરી દેવા જોઈએ. ક્ષત્રિયોના આદરણીય ગધેથડ આશ્રમના મહંત લાલબાપુએ પણ આ બાબતે પોઝિટિવ વાત કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહારાણા પ્રતાપ અને પૃથ્વીરાજ ચૌહાણે ભૂતકાળમાં જેમણે આક્રમણો કર્યા તેઓને પણ માફી આપી છે. ક્ષત્રિયોએ ૫૬૨ દેશી રજવાડાઓ દેશને આપી દીધા અને ખૂબ મોટું બલિદાન આપ્યું છે. ત્યારે પુરુષોત્તમ રૂપાલાએ કરેલા નિવેદન અંગે તેમનાં દ્વારા લાગણીસભર રીતે માફી માંગી છે, જેથી ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાને માફી આપવી જોઈએ. રાજકોટ જિલ્લાને રૂપાલા જેવું યોગ્ય નેતૃત્વ મળ્યું છે. જેથી તેઓ જ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર હોવા જોઈએ.

# મારા સમર્થનમાં તમામ સમાજ, ક્ષત્રિય વિરુધ્ધ પાટીદાર કરવાની જરૂર નથી: રૂપાલા

## મીડિયાને પણ હવે આ ઈસ્યુ પુરો કરવા અપીલ

રાજકોટ:લોકસભા ચૂંટણીમાં રાજકોટ સંસદીય બેઠકમાં સર્જાયેલા વિવાદના કેન્દ્રમાં રહેલા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા દિલ્હીથી ગુજરાત પરત આવી ગયા છે અને તેઓએ જણાવ્યું હતું કે હું દિલ્હી કેબીનેટની મીટીંગમાં ગયો હતો નિયમ મુજબ બ્રીફીંગ કરવાનું હોય છે અને તે પુરૂ કરીને આવ્યો છું. કેબીનેટમાં તેમના સાથીદાર અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા પણ તેમની સાથે જ આવ્યા હતા. રૂપાલાએ રાજકોટ અને હવે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પહોંચી ગયેલા ક્ષત્રિય સમાજના તેમની સામેના મોરચા અંગે જણાવ્યું કે આગેવાનો બેઠક કરી રહ્યા છે અને તેમની પાસે માહિતી છે. તેમાં હું ટીપ્પણી કરૂ તે યોગ્ય ગણાય છે.



રૂપાલાએ દાવો કર્યો કે મારા સમર્થનમાં ફકત પાટીદાર જ નહીં તમામ સમાજ છે. ક્ષત્રિય સમાજના ઘણા બધા આગેવાનોએ મને સમર્થન જાહેર કર્યુ છે. મે અગાઉ નામ પણ આપ્યા છે અને અત્યારે પણ આપી શકું છું પરંતુ આગમાં ઘી હોમવાનું કામ મારૂ નથી. રૂપાલાએ કહ્યું કે મારા વિચારો અગાઉ પણ વ્યકત કર્યા છે. જે રીતે ક્ષત્રિય સમાજની માંગણી સામે હવે રાજકોટ સહિતના શહેરોમાં પાટીદાર સમાજ તેમના ટેકામાં આવી રહ્યો છે તે અંગેના પ્રશ્નના જવાબમાં રૂપાલાએ કહ્યું કે આ વિવાદને ક્ષત્રિય વિરૂધ્ધ પાટીદાર કરવાની કોઈ જરૂર નથી અને હવે તમારે પણ તેમાં વધુ એડ્રેસ કરવાની જરૂર નથી. મેં આપને કહી દીધુ છે હવે તેમાં પેટા પ્રશ્નો જેટલા ધારવા હોય તેટલા ધારી શકાય છે આમ કહીને રૂપાલાએ કહેવાનું ટાળ્યું હતું અને એરપોર્ટથી ગાંધીનગર જવા રવાના થઈ ગયા હતા અને સાંજ સુધીમાં રાજકોટ પહોંચે તેવા સંકેત છે. બીજી તરફ રાજકોટ સહિતના શહેરોમાં પણ હવે રૂપાલા હટાવના નારા સાથે ક્ષત્રિય સમાજે વધુ આક્રમક વલણ ધારણ કર્યુ છે અને તેથી આ વિવાદમાં નવો તનાવ સર્જાવાની પણ ધારણા છે.

# સગીરાનું અપહરણ-દુષ્કર્મના કેસમાં આરોપીને છેલ્લા શ્વાસ સુધીની સજા:પોક્સો કોર્ટનો ચુકાદો

રાજકોટ:

રાજકોટની સગીરાનું ૨૦૧૮ની સાલમાં અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલહવાલે રહેલા આરોપી સામેનો કેસ ચાલી જતા અદાલતે છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા અને રૂ.૫૨ હજાર દંડનો હુકમ કર્યો છે અને દંડની રકમમાંથી ૫૦ ટકા રકમ ભોગ બનનારને ચૂકવવા આદેશ કર્યો છે. રાજકોટના માધાપર નજીક રહેતા પરિવારની ૧૫ વર્ષની સગીર પુત્રીનું અપહરણ થયાની ફરિયાદ તા.૧૦-૧૨-૨૦૧૮ના રોજ પ્ર.નગર પોલીસ




મથકમાં નોંધાઈ હતી. ત્યારબાદ પોલીસ તપાસમાં ધ્રોલ તાલુકાના ફતેહપુરાના મોહસીન રહીમ મકવાણાએ સગીરાનું અપહરણ કર્યાનું ખુલ્યું હતું.આરોપીએ સગીરાને મોરબી લઈ જઈ મરજી વિરુદ્ધ અવારનવાર શરીરસંબંધ બાંધ્યાનું ખૂલતા પોલીસે આરોપી મોહસીન મકવાણાની ધરપકડ કરી હતી. આ કેસ ચાલી જતા સરકારી વકીલ મહેશ જોશીએ મહત્ત્વના સાક્ષી તરીકે ભોગ બનનાર, ડોક્ટર, પંચો, સહિતનાઓને તપાસ્યા હતા અને ૧૫ જેટલા દસ્તાવેજી પુરાવા અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજૂ કર્યા હતા. જેને ધ્યાનમાં લઈ પોક્સો કોર્ટે આરોપીને છેલ્લા શ્વાસ સુધી જેલ સજા અને રૂ.૫૨ હજારના દંડ અને તેમાંથી ૫૦ ટકા ભોગ બનનારને ચૂકવવા હુકમ કર્યો હતો. તેમજ ભોગ બનનારને રૂ.૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

# ઘઉંના જથ્થાની આડમાં ઉતરતો ૧૪ લાખનો અંગ્રેજી દારૂ અને બીયર પકડાયો

## રૂ.૨૭.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે, દારૂ મંગાવનાર અને મોકલનારની શોધખોળ

રાજકોટ: રાજકોટ નજીકના લીલી સાજડીયાળી ગામે ગઈકાલે રાત્રે ઘઉંના જથ્થાની આડમાં અંગ્રેજી દારૂનું કટીંગ થઈ રહ્યું હતું ત્યારે ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી રૂા.૧૪.૧૪ લાખના અંગ્રેજી દારૂ અને બીયરના જથ્થા સાથે બે શ્રમિકોને ઝડપી લઈ દારૂ મંગાવનાર અને મોકલનારની શોધખોળ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી. સાકરીયાએ ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે રાત્રે લીલી સાજડીયાળી ગામના આલાસર સીમ તરીકે ઓળખાતા ખરાબા વિસ્તારમાં દરોડો પાડયો ત્યારે ઘઉંના જથ્થાની આડમાં અંગ્રેજી દારૂનું કટીંગ થઈ રહ્યું હતું.સ્થળ પરથી ક્રાઈમ બ્રાંચે રૂા.૧૪.૧૪ લાખની કિંમતનો અંગ્રેજી દારૂ અને બીયરનો જથ્થો કબ્જે કરી લીલી સાજડીયાળી ગામે જ રહેતા બે શ્રમિકો પરશોતમ પરબત મકવાણા અને પ્રકાશ ડાયાભાઈ રાઠોડને ઝડપી લીધા હતા. આ ઉપરાંત ટ્રક, સ્વીફ્ટ કાર, બાઈક, મોબાઈલ ફોન, ૯૦ બાચકા ઘઉં, બનાવટી બીલ્ટી, ઈન્વોઈસ અને ઈ-વે બીલના કાગળો વગેરે મળી કુલ રૂા.૨૭.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે બંને શ્રમિકોની પુછપરછમાં દારૂ મંગાવનાર તરીકે લીલી સાજડીયાળીના લાખાભાઈ સંગ્રામભાઈ ઘીયડનું નામ ખુલ્યું છે. તેને ઉપરાંત દારૂ મોકલનાર તથા વાહનોના ચાલકોને વોન્ટેડ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. દારૂનો જથ્થો ખરેખર કયાંથી આવ્યો હતો તે વિશે ક્રાઈમ બ્રાંચને કોઈ ચોક્કસ માહિતી મળી નથી.

# ગૃહકલેશથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ:

રાજકોટનો ભાગોળે આવેલ જારીયામાં ગૃહકલેશથી કંટાળી મુકેશ ચાવડા નામના યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતાં.પ્રાપ્ત વિગત મુજબ, જારીયા ગામમાં રહેતાં મુકેશભાઈ ખીમજીભાઈ ચાવડા (ઉ.વ.૩૬) ગઈ રાતે ૯ વાગ્યે પોતાના ઘરે હતાં ત્યારે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. વધુમાં યુવાને જણાવ્યું હતું કે, તે મજૂરીકામ પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમના દસ વર્ષ પહેલાં કોટડાસાંગાણીના ખોખરી ગામની યુવતી સાથે લગ્ન કર્યા હતાં. તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. છ મહિના પહેલાં યુવકના પિતાનું અવસાન થયાં બાદ તેની પત્ની અલગ રહેવાં જવા માટે દબાણ કરી દરરોજ ઝઘડો કરતી હતી. જેથી કંટાળીને અગાઉ પણ બે વાર તેને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ થોડા દિવસથી તેની પત્ની આપઘાત કરવાનો ધમકી આપતી હોવાથી તેને અંતે કંટાળીને પગલું ભર્યું હતું. બનાવ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

# ૫૭ વર્ષની વયે જૂનાગઢ જીએસટી કચેરીનો આસિસ્ટન્ટ કમિશનર ૧૨ હજારની લાંચ લેતા પકડાયો!

## લેટર ઓફ અન્ડરટેકિંગ સર્ટીફિકેટ આપવા બદલ લાંચ લેતા જ એસીબીના છટકામાં સપડાઈ ગયો

જૂનાગઢ:જૂનાગઢમાં સરદારબાગમાં આવેલી જીએસટી કચેરીમાં આસિસ્ટન્ટ કમિશનરે લેટર ઓફ અન્ડરટેકિંગ સર્ટીફિકેટ માટે ૧૨ હજારની લાંચ માંગી હતી. આ અંગે એસીબીને જાણ કરવામાં આવતા છટકુ ગોઠવવામાં આવ્યું હતું. ૫૭ વર્ષીય આસિ. કમિશનરે લાંચની રકમ સ્વીકારતા જ એસીબીના સ્ટાફે રંગે હાથ પકડી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ૧૨ હજારની લાંચ લેતા પકડાયેલા આસિ. કમિશનરે ૫૭ વર્ષની વયે જેલના સળીયા ગણવાનો વારો આવશે.જૂનાગઢમાં રહેતા એક જાગૃત નાગરિકને જીએસટી કચેરીમાંથી લેટર અન્ડરટેકિંગ સર્ટીફિકેટની જરૂરીયાત હોવાથી કચેરીમાં સંપર્ક કર્યો હતો. જ્યાં કચેરીના આસિસ્ટન્ટ કમિશનર વલ્લભ ભીખાભાઈ



પટેલીયાએ સર્ટીફિકેટના બદલામાં ૧૨ હજાર રૂપીયાની લાંચ માંગી હતી. જાગૃત નાગરિકને લાંચની રકમ આપવી ન હોવાથી તેણે એસીબીને જાણ કરી હતી.એસીબીના સ્ટાફે આજે છટકુ ગોઠવ્યું હતું. ફરિયાદ કરનાર વ્યક્તિને સમજાવી લેટર અન્ડરટેકિંગ સર્ટીફિકેટના બદલામાં લાંચની રકમ આપવા કહ્યું હતું. આ વ્યક્તિ પાસેથી જીએસટી કચેરીના આસિ. કમિશનર વલ્લભ પટેલીયાએ કચેરીમાં જ ૧૨ હજારની રકમ સ્વીકારી હતી. આ સાથે જ એસીબી પીઆઈ જે.બી. કરમુર સહિતના સ્ટાફે વલ્લભ પટેલીયાને લાંચ લેતા રંગે હાથ પકડી લીધો હતો. એસીબીની આ કાર્યવાહીથી કચેરીમાં દોડધામ થઈ ગઈ હતી. એસીબીએ ૧૨ હજાર રૂપીયા રિકવર કરી વલ્લભ પટેલીયાની પુછપરછ શરૂ કરી હતી. તેના નિવાસ સ્થાને પણ સર્ચ શરૂ કર્યું હતું.વલ્લભ પટેલીયાની વય ૫૭ વર્ષની છે. નિવૃતીને હવે થોડો સમય જ બાકી છે ત્યારે એસીબીની ઝપટમાં આવી જતા આ ઉંમરે જેલના સળીયા ગણવા પડશે. એસીબીની આ કાર્યવાહીથી ભ્રષ્ટ કર્મચારીઓ અને અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

# ૭૮ લાખ ડોલર અમેરિકાની બેંકમાં જમા છે, તમે વારસદાર બની જાઓ!

## ખોટા વારસદાર બની રૂ.૨૬ કરોડ મેળવવાની લાલચમાં વેપારીએ રૂ.૧૬ લાખ ગુમાવી દીધા

રાજકોટ:વિદેશની બેંકમાં પડેલા મૃત વ્યક્તિના ખાતામાંથી કરોડો રૂપિયાની રકમના ખોટા વારસદાર બનાવી કુલ ૬૫ કરોડથી વધુ રકમમાંથી ૨૬ કરોડ આપવાની લાલચ આપી રાજકોટના વેપારી પાસેથી રૂ.૧૬ લાખ ગઠીયાઓએ ઉસેડી લીધાની ફરિયાદ છે. કોઠારિયા રોડ, મોરારિનગર-૫માં રહેતા અને ઓનલાઈન ટ્રેડિંગનું કામકાજ કરતા નિલેશ વલ્લભભાઈ પાધરા નામના વેપારીએ ફેસબુક એકાઉન્ટ ધરાવનાર નતાશા મિત્રા, ત્રણ અલગ અલગ બેંક એકાઉન્ટ ધરાવનાર સહિતનાઓ સામે ફરિયાદ નોંધાવી છે.વેપારીની ફરિયાદ મુજબ, ગત તા.૨૪-૭-૨૦૨૩ના રોજ ફેસબુક પર નતાશા મિત્રાની લિંકમાંથી મેસેજ આવ્યો હતો. જે મેસેજમાં મીઠી મીઠી વાત લખી હતી અને તેમાં એક મેલ આઈડી લખેલું હતું. જેથી તે મેલ આઈડીના આધારે વાતચીત શરૂ કરી હતી. વાતચીતમાં સામે વાળી વ્યક્તિ સિન્થિયા હોવાનું અને તે અમેરિકામાં એનવાયસીબી બેંકમાં



ચીફ એડમિન ઓફિસર હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહિ તેને તેનું ઓળખ કાર્ડ, બેંક સર્ટિફિકેટ પણ મોકલ્યું હતું. બાદમાં તે વ્યક્તિએ મેસેજમાં જણાવ્યું કે, ભારતના એક બિઝનેસમેન છે. તેમનું મૃત્યુ નીપજ્યુંછે અને તેમના નામની ૭૫ લાખ ડોલરની એફડી છે.વ્યાજ સહિત ૭૮.૭૫ લાખ ડોલરની રકમ જમા છે, પરંતુ તેમના કોઈ વાલીવારસ નથી. જો તમે તેના વારસદાર બની જાઓ, હું વારસદાર બાબતોના બધા સર્ટિફિકેટ્સ અહીંથી રજૂ કરી દઈશ. જે રકમ મળશે તેમાં ૬૦ ટકા રકમ મારી અને બાકીની ૪૦ ટકા રકમ તમને આપીશની વાત કરી હતી. આમ પોતાને ભારતીય રકમ મુજબ રૂ.૬૫.૩૬ કરોડની રકમમાંથી ૪૦ ટકા રકમ મળવાની હોવાની લાલચમાં હા પાડી હતી. ત્યાર બાદ એનવાયસીબી બેંકના મેલ આઈડી પરથી મારા નામનું વારસદાર તરીકેનું સર્ટિ. મળ્યું હતુ. ત્યાર બાદ મને અમેરિકાની બેંકમાંથી મેલ આવવાનું શરૂ થયા હતા.ત્યારે એક મેલમાં આ બિઝનેસમેન મૃત્યુ પામ્યા છે. તેમનું બેંક ખાતું બંધ થઈ ગયું છે. તે ચાલુ કરવા માટે તેમજ આ બાબતનું નોટરાઈઝ કરવા માટે વકીલ રાખવા પડશે. જે અંગેની રકમ તમારે જમા કરાવી પડશેનું જણાવ્યું હતું. જેથી મેલમાં જણાવેલા ત્રણ બેંક એકાઉન્ટમાં કુલ રૂ.૧૬,૧૫,૮૦૦ની રકમ જમા કરાવી હતી. થોડા દિવસ બાદ વધુ એક મેલ આવ્યો હતો જેમાં બીજા વધુ ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે રૂ.૨૦ લાખની વધુ માગણી કરતા પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો આથી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# લોન કન્સલ્ટન્ટનું કામ કરતા યુવાને સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવ્યું

રાજકોટ:રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય લોન કન્સલ્ટન્ટ ધવલ સવાણી નામના યુવાને મોડી રાતે આજીડેમમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું છે. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમે દોડી જઈ યુવકનો મૃતદેહ બહાર કાઢી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ યુવકના મોતના પગલે પરિવારમાં કલ્પાંત છવાયો હતો.રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં હરસિધ્ધિ સોસાયટી શેરી નંબર ૧માં રહેતા ૨૫ વર્ષીય ધવલ દિનેશભાઈ સવાણી નામનો યુવાન ગઈકાલે ઘરેથી સાંજના નીકળી ગયા બાદ મોડી રાત સુધી પરત ઘરે ન આવતાં પરીવારજનો ચિંતિત થયા હતાં. આ દરમિયાન તેના મોબાઈલ નંબર પરથી એક અજાણ્યા વ્યકિતનો ફોન આવ્યો કે, આ મોબાઈલ અને બાઈક આજીડેમ પાસે પડ્યાં છે. જેથી પરીવારજનો આજીડેમ દોડી ગયા હતાં અને બાઈક જોતા તેમના પુત્રની હોવાનું સામે આવતા પોલીસને જાણ કરી હતી. આજીડેમ પોલીસ સાથે ફાયર બ્રિગેડની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. જે બાદ ફાયરબ્રિગેડની ટીમે આજીડેમમાં યુવકની



શોધખોળ હાથ ધરતાં યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. તેથી આજીડેમ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.મૃતક યુવાન લોન મોર્ગેજ કરવાનું તેમજ લોન કન્સલ્ટન્ટનું કામ કરતો હતો. યુવકના મૃતદેહ પાસેથી એક સુસાઈડ નોટ પણ પોલીસને મળી આવી હતી. જે પોલીસે કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવાન બે બહેનનો એકનો એક ભાઈ હતો. ગઈકાલે સાંજના સમયે તેની સાથે લોન મોર્ગેજનું કામ કરતા તેના મિત્ર સાથે લોન ડોકયુમેન્ટ બાબતે વાતચીત પણ કરી હોવાનું પરિવારજનોને જાણવા મળ્યું હતું. જે બાદ અંતિમ પગલું ભરી લીધું હતું. યુવાન અને આશાસ્પદ પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# ચારધામ યાત્રા ટૂર પેકેજના ઓનલાઈન બૂકિંગના નામે નિવૃત ડે. ઈજનેર સાથે ૬.૬૬ લાખની છેતરપિંડી

## ૨૨ સભ્યોનું પેકેજ બુકિંગ કરાવ્યું હતું,આરોપીઓને ઝડપી લેવા તપાસ

રાજકોટ:રાજકોટમાં નિવૃત ડે. ઈજનેર સાથે લાખોની ઠગાઈ થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં સિંચાઈ ખાતાના નિવૃત ડે. એન્જિનિયર અને તેમના ગ્રુપના ૨૨ લોકોને ચારધામ યાત્રાએ જવું હોઈ ઓનલાઈન સર્ચ કર્યું હતું. બાદમાં અતિથી ટ્રીપ હોલીડેના પ્રદિપ શર્માનો સંપર્ક કર્યો હતો. તેમણે પેકેજ બૂકિંગના નામે રૂપિયા ૬,૬૬,૯૯૯ માંગતા ડે. ઈજનેરે ચૂકવી આપ્યા હતા. પ્રદીપ શર્માએ પેકેજ મુજબ હરિદ્વારમાં તમામ બુકિંગ થઈ ગયું હોવાનું કહેતા ૨૨ લોકો હરિદ્વાર પહોંચ્યા હતા. જો કે, હરિદ્વાર જતાં ત્યાં કોઈ ટૂર પેકેજ બૂકિંગ ન મળતાં છેતરાયાની જાણ થઈ હતી. જેને પગલે પોતાના ખર્ચે ચારધામની યાત્રા પુરી કરી રાજકોટ આવ્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી છે.રાજકોટની ગુરૂપ્રસાદ સોસાયટીમાં રહેતા નિવૃત ડેપ્યુટી એન્જિનીયર પ્રદીપભાઈ ઉપેન્દ્રભાઈ રાવલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે નિવૃત છે. ગત તા.૧૯-૬-૨૩નાં રોજ ચારધામ યાત્રાએ જવાનો વિચાર આવતા ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન પેકેજ સર્ચ કર્યા હતા. જેમાં અતિથી ટ્રીપ હોલીડ્ઝ નામની ટૂર કંપની જોવા મળી હતી. જેમાં પ્રવિણ શર્માના નામથી મોબાઈલ નંબર હોય તેના પર કોન્ટેક્ટ કર્યો હતો. જેથી ફોન રિસીવ કરનારે ચારધામ યાત્રાની ટૂર માટે એક વ્યકતિ દીઠ રૂા. ૩૦ હજારની ફી જણાવી હતી.અમારે મિત્ર સર્કલ મળી કુલ ૨૬ લોકોને યાત્રામાં જવું હોય ફુલ પેકેજના રૂા. ૭,૮૦,૦૦૦ મને જણાવતાં અને એડવાન્સ પેમેન્ટ જમા કરવાનું કહેવાતાં મેં બીજા સભ્યો સાથે વાતચીત કરી હતી. ફોન કરનારે અમને વિશ્વાસમાં લીધા હોય તેના કહેવા મુજબ કટકે કટકે અલગ અલગ બેંકના એકાઉન્ટમાં રૂા. ૬,૬૬,૯૯૯ની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. આ રકમ મારા આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટમાંથી તથા મારા મિત્ર અજયભાઈ પટેલના એસબીઆઈ એકાઉન્ટમાંથી ટ્રાન્જેક્શન કરી હતી.જો કે, બાદમાં અમારા ગ્રુપમાંથી ૨૬ને બદલે ૨૨ સભ્યોને જ ચારધામ યાત્રાએ જવાનું નક્કી થતાં બૂકિંગ કરનારે તા. ૨૧-૯-૨૩થી ૧૦-૧૦-૨૩નું પેકેજ આપતાં અમે ૨૧-૯નાં રોજ હરિદ્વાર પહોંચી ગયા હતાં. ત્યાં જઈને ખબર પડી હતી કે અમારુ કોઈ પેકેજ ત્યાં બૂક થયું જ નથી. આથી અમે મોબાઈલ કરતા ફોન બંધ થઈ ગયો હતો. બીજા જ દિવસે તા. ૨૨-૯-૨૩નાં અમે કનખલ પોલીસ સ્ટેશન હરિદ્વાર ખાતે આ બનાવની જાણ કરી હતી. ત્યારબાદ આમારા ખર્ચે ચારધામ યાત્રા કરી પરત રાજકોટ આવી સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર હેલ્પલાઈન નંબર ૧૯૩૦માં ફરિયાદ કરી હતી. તેના આધારે હવે મેં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.આ બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસે ગુરૂપ્રસાદ સોસાયટી બ્લોક નં. ૬ દોશી હોસપિટલ પાછળ રહેતાં અને ગુજરાત સરકારનાં સિંચાઈ ખાતામાંથી ડેપ્યુટી એન્જિનીયર પદેથી નિવૃત થયેલા પ્રદિપભાઈ ઉપેન્દ્રભાઈ રાવલની ફરિયાદ પરથી બે અલગ અલગ મોબાઈલ નંબરના ધારક પ્રવિણ શર્મા, બેંક ઓફ ઈન્ડિયાના એક એકાઉન્ટ ધારક સહિતનાઓ સામે ચારધામ યાત્રાની ટૂર બૂકિંગના નામે રૂા. ૬,૬૬,૯૯૯ની છેતરપિંડી કર્યાનો ગુનો દાખલ કર્યો છે. અને આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# સોની વેપારીનું ૨૬.૭૮ લાખનું સોનું વેપારીએ જ ઓળવી લીધાની ફરિયાદ

## પોલીસે સોની બજારના વેપારીને સકંજામાં લઈ તપાસ આગળ ધપાવી

રાજકોટ: વાણીયાવાડી શેરી નં.૩માં સુરભી એપાર્ટમેન્ટની બી-વીંગમાં રહેતાં અને સોનાના દાગીના બનાવડાવી વેચવાનું કામ કરતાં ચેતનભાઈ અરવિંદભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૫૬)નું રૂા.૨૬.૭૮ લાખનું સોનું આરોપી પ્રવિણ રવજી અકબરી (રહે. પુષ્કરધામ સોસાયટી, ઓમ એપાર્ટમેન્ટ) ઓળવી ગયાની અને ધાકધમકી આપ્યાની એ-ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં ચેતનભાઈએ જણાવ્યું છે કે અગાઉ સોની વેપારીઓની ઓફિસ સંભાળવાનું અને મજૂરીથી સોની કામ કરવાનું કામ કરતા હતા. ૯ મહિનાથી ઘરે જ બજારમાંથી થોડુ થોડુ ફાઈન સોનું ખરીદી, ઘરેણાં બનાવી વેપારીઓને વેચવાનું શરૂ કર્યું હતું. નવેક માસ પહેલાં તેના પુત્ર ચિરાગના મિત્ર નિલેશ જોટાંગીયાએ જણાવ્યું કે તે જ્યાં નોકરી કરે છે તે શેઠ પ્રવિણભાઈ પણ સોનાના દાગીના ખરીદી કરવાનું કામ કરે છે. જો તમારે તેને દાગીના વેચવા હોય તો સંપર્ક કરાવી આપું. જેથી હા પાડતા પ્રવિણભાઈનો સંપર્ક કરાવી આપ્યો હતો. જેને કારણે તેને સોની બજારના માંડવી ચોકમાં પલ્લવ પ્લાઝા ચેમ્બરમાં આવેલી માનસી ગોલ્ડ નામની ઓફિસે મળ્યા હતા. તે વખતે પ્રવિણભાઈએ કહ્યું કે તે ગ્રાહકના ઓર્ડર લઈ બહારથી દાગીના બનાવડાવે છે. તેની સામે તે દાગીના બનાવનાર વેપારીને દાગીના તેની પાસે જમા કરાવ્યા બાદ દાગીના બનાવનારને ફાઈન ગોલ્ડ આપે છે. જેથી તેની વાત સાથે સંમત થતા છેલ્લા નવેક માસથી સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર લેતા હતા. જે ઓર્ડર પુરો કરી તેની દુકાને દાગીના પરત આપતા હતા. નક્કી થયા મુજબ પ્રવિણભાઈ ફાઈન ગોલ્ડ આપતા હતા. આ રીતે બંને પક્ષો વચ્ચે અવાર-નવાર સોનાના દાગીના અને ફાઈન ગોલ્ડની આપ-લે થતી હતી. હવે તેને પ્રવિણભાઈ પાસેથી રૂા.૨૬.૭૮ લાખનું ફાઈન ગોલ્ડ લેવાનું નીકળતું હતું. જે અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં આપ્યું ન હતું. એકાદ મહિના પહેલા પુત્ર સાથે તેની દુકાને ઉઘરાણી કરવા ગયા ત્યારે કહ્યું કે મારે તમને કોઈ સોનું આપવાનું થતું નથી, તમારાથી થાય તે કરી લેજો, ફરીથી સોનું લેવા આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપતા આખરે ફરિયાદ નોંધાવી હતી.